
SHREE SWAMINARAYAN

श्री स्वामिनारायण

Rs. 5/-

JUNE '06



પ.પૂ. મોટા મહારાજશ્રીની
શ્રી સ્વામિનારાયણ
મ્યુઝિયમના પ્રચારાર્થે
અમેરિકાની ધર્મયાત્રા

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧

Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



જુના અરોડા (ઈડરદેશ) મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરતાં
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



શિરોહીમાં સભામાં દર્શન આપતાં પ.પૂ.મહારાજશ્રી



હિરાવાડી બાપુનગર સત્સંગ સભામાં દર્શન આપતાં
પ.પૂ.મહારાજશ્રી



શિરોહી (રાજ.)મંદિરમાં ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક
કરતા પ.પૂ.મહારાજશ્રી



લાલોડા મંદિરના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે યજ્ઞ
વિધિમાં પ.પૂ.મહારાજશ્રી



લાલોડા (ઈડરદેશ) મંદિરના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે
ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક કરતા પ.પૂ.મહારાજશ્રી



લાલોડામાં કથા શ્રવણ કરતા ભક્તજનો



લાલોડા મંદિરના મહંત સ્વામીનું સન્માન કરતા પ.પૂ.મહારાજશ્રી


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ | જૂન - ૨૦૦૬

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના અમૃતમય આશીર્વચનો	૪
૪.	શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ, અમદાવાદના લાભાર્થે પ.પૂ. મોટા મહારાજશ્રીનો USA ધર્મપ્રવાસ	૭
૫.	શ્રીહરિના ક્રઙ્ઘા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં પવિત્ર કૈલાશ-માનસરોવર યાત્રા	૯
૬.	'શતંજીવેમ્ શરદઃ'	૧૦
૭.	વચનામૃત અમદાવાદનું સાતમું	૧૩
૮.	ZEE-T.V. (ગુજરાતી) પર પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની મુલાકાતે મુમુક્ષુ જનોના અંતરમાં અજવાળાં પાથર્યા	૧૬
૯.	જરા હસતાં રમતા જીવો	૧૮
૧૦.	સત્સંગ સુરભિ : સુખી તો હતા, હવે વધારે સુખિયા થયા !	૧૯
૧૧.	સત્સંગ બાલવાટિકા (૧)કીડીને કણ હાથીને મણ (૨) એક ઘડી આધી ઘડી	૨૦
૧૨.	ભક્તિસુધા (૧) માતાજી (ઝમકુંબાઈ) (૨) મેરે ગરીબ નિવાજ (૩) જીજીબાઈ (૪) સાચું જ્ઞાન	૨૩
૧૩.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૬



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

આપણો ભારત દેશ કૃષિપ્રધાન આર્થિક વ્યવસ્થા અને ધર્મપ્રધાન સમાજ વ્યવસ્થાથી સંકળાયેલ અખંડ ભારત વર્ષના શુભ નામથી પ્રસિધ્ધ છે. વર્ષની ત્રણ ઋતુમાં વર્ષાઋતુ આવતાં સમગ્ર દેશના લોકોને જેમ આનંદ થાય છે તેમ ભગવદ્ ભક્તને પણ આ ઋતુનો પ્રારંભ થાય એટલે ચાતુર્માસના વિશેષ નિયમો ધારણ કરીને પોતાના ઈષ્ટદેવ પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરિ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રસન્ન કરીને આત્યંતિક મોક્ષ મેળવવા સુધીના દિવ્ય આનંદમાં ગરકાવ થઈ જાય છે. અને શ્રીહરિની પરાભક્તિ કરવા માટે વિવિધ પ્રકારના શાસ્ત્રોમાં વર્ણવેલા નિયમો ધારણ કરવા માટે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની પાસે અથવા સંતો પાસે જઈને નિયમો ધારણ કરીને ભક્તિ કરવા મંડી પડે છે. ખેડૂતો જેમ પોતાના ખેતરોને તાજા અને સ્વચ્છ બનાવે છે તેમ ભક્તો પોતાના જીવનને વ્યસન આળસ અને કુસંગને ત્યજીને નિરામય સ્વચ્છ જીવનમાં પરમેશ્વરની પરાભક્તિરૂપ બીજની રોપણી થાય એટલે તેમાંથી એકાન્તિકી ભક્તિ રૂપ અંકુર ફુટી નીકળે છે અને તેમાંથી આત્યાંતિક મોક્ષ રૂપ મહા ફળની પ્રાપ્તિ આ જીવને પ્રાપ્ત થાય છે. ત્યારેજ જન્મ મૃત્યુના ભવરોગના કષ્ટથી છુટકારો મળે છે. તેથી જ જેમ ખેડૂતો ખેતીની તૈયારી કરે છે તેમ ભક્તોએ ચાતુર્માસના વિશેષ નિયમો ધારણ કરીને પોતાની શ્રેષ્ઠ ખેતી પકવી લેવી એજ મનુષ્ય જીવનની સાર્થકતા છે.

તંત્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(મે - ૨૦૦૬)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર મેમકા (મૂળીદેશ) બહેનોના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨. અરોડા (ઈડર) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩-૪. દયાપર (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (તા. ઈડર) સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૬-૭. નારાયણપર (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૮. માણસા ગામે પ.ભ. પટેલ અંબાલાલ જોઈતારામ ને ત્યાં પધરામણી.

૯. દેવપુરા (તા. વિરમગામ) પારાયણ પ્રસંગે પધરામણી.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ હિરાવાડી બાપુનગર સત્સંગ સભામાં પધાર્યા.

૧૦. રિદ્રોલ ગામે પારાયણ પ્રસંગે પધરામણી. ત્યાંથી મોટેરા શ્રી મહેન્દ્રભાઈ કેશુભાઈ પટેલને ત્યાં પધરામણી.
જેતલપુર શ્રી વિષ્ણુભાઈ આશારામ રાવલને ત્યાં જનોઈ પ્રસંગે આશીર્વાદ આપવા પધાર્યા.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ડુંગરી (ઈડર) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
કાનપુર છાલા ગામે પ.ભ. બળદેવભાઈ કોદરભાઈને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી.

૧૨. વિહાર ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૪. સરદારનગર (નવું સરવડ તા. માળીયા મીયાણા) (મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૬. વિસનગર પ.ભ. કાંતિભાઈ રણછોડદાસ પટેલને ત્યાં પધરામણી.

૧૭ થી ૧૯ સુખપર (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૦. દેલવાડા (વિજાપુર) ગામે શ્રી કષ્ટભંજન હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૧. જીવાપર (જોડીયા) (મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૨ થી ૨૫ સ્ટેનમોર (યુ.કે.) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા.

૨૭. જામસર (હાલાર - મૂળીદેશ) શ્રી હનુમાનજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૮. દેઉસણા (તા. કડી) મંદિરની આરતી ઉતારવા પ્રસંગે અને ત્યાં પ.ભ. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલને ત્યાં પધરામણી. વળતા પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (મેડાવાળા) (સ્કીમ કમિટી મેમ્બરશ્રી)ના માતૃતિ નંદન વિહારમાં પધરામણી બોપલ, રીંગ રોડ.
રાત્રે પ્રાંતીજ પધરામણી.

૨૯. પ્રાંતીજ શ્રી સ્વામિનારાયણ મંદિર શતાબ્દી પાટોત્સવ-પારાયણ પ્રસંગે પધરામણી.

૩૦. નારાયણપુરા (કડી) મંદિરમાં કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૩૧. ડાંગરવા ગામે પ.ભ. મુકેશભાઈ જોઈતારામ પટેલને ત્યાં વાસ્તુ પૂજન પ્રસંગે પધરામણી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના અમૃતમય આશીર્વચનો

સંકલન - ગોરધનભાઇ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

પ.પૂ. મોટા મહારાજશ્રીના ૬૨માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે અમદાવાદ મંદિરના સભા મંડપમાં **પ.પૂ. મોટા મહારાજશ્રી :** મહારાજ એક સમયે કાઠી દરબારો સાથે એક ગામથી બીજા ગામ જતા હતા. રસ્તો ભૂલી ગયા. એક કાઠી દરબારે વટેમાર્ગુને રસ્તો પૂછ્યો, તે સમયે કાઠી દરબારો મમરા ખાતા હતા. તેથી બુવા ગામનો રસ્તો કઈ બાજુ ? એમ પૂછવાને બદલે મમરાનો રસ્તો કઈ બાજું ? એમ પૂછ્યું. પેલો વટેમાર્ગુ કહે, મમરાનો રસ્તો તમારા મોઢામાં !!! મહારાજ હસ્યા. જેનું સ્મરણ હતું તે શબ્દ જ મોઢામાં આવ્યો ! હાલમાં અમારી પરિસ્થિતિ પણ એવી છે. અમને મ્યુઝિયમ જ યાદ આવે છે. હવે ભૂતકાળને વાગોળવાની બહુ મઝા નથી. વર્તમાન કાળ અમારા માટે મહત્વનો છે. મ્યુઝિયમ માટે અમે સુરત ગયા ત્યારે માતૃશ્રીએ અમને કહ્યું કે ત્યાં દેશ વિભાગ લાગુ નહિ પડે ? અમે કહ્યું કે, હું તો નિવૃત્ત થઈ ગયો છું. હવે અમને દેશ વિભાગ લાગુ ન પડે. અમે ગમે ત્યાં જઈએ. આ બાબતે અમેં પ્રથમ વડતાલ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીને પણ ટેલિફોન કર્યો હતો. તેઓએ અમને આવકાર્યા હતા કે ખુશીથી આવો. સુરતમાં અમે મ્યુઝિયમના લાભાર્થે હરિભક્તોના ઘેર પધાર્યા. ઘણીવાર તો બહુ આશ્ચર્ય થતુ, એકદમ સામાન્ય સ્થિતિ વાળા હરિભક્તો પણ મ્યુઝિયમ માટે બહુ મોટી રકમ આપતા હતા. ત્રણ દિવસની પધરામણીમાં ઘણી મોટી રકમ નોંધાઈ. થોડા સમય પહેલા વિદેશ ગયા ત્યારે પણ મોટી સેવાઓ વિદેશના હરિભક્તોએ નોંધાવેલી. હવે ત્યાંના હરિભક્તોના આગ્રહથી ફરીથી એ કામ માટે જઈ રહ્યા છીએ. "સ્વામિનારાયણ મ્યુઝિયમ" દુનિયાનું અદ્વિતીય મ્યુઝિયમ બની રહે એ માટે આ બધો પ્રયાસ છે. મકાનના બાંધકામમાં તો પૈસાની જરૂર પડેજ. પરંતુ ઝીણામાં ઝીણી વસ્તુ લાઈટનીંગ વગેરે મકાન કરતા પણ મોંઘું પડે છે. મોંઘવારી પણ વધતી જાય છે. હજુ ઘણી સેવાની જરૂર પડશે. અમે તો શ્રીજી મહારાજને કહી દીધું છે. પૈસા વિના ચાલશે નહિ, વ્યવસ્થા કરજો, નહીં તો હું ઘેર જઈને આરામ કરીશ. મહારાજનું કાર્ય છે. તે મહારાજ પરિપૂર્ણ કરશે. તમે બધા પ્રાર્થના કરજો.

બીજી એક ખાસ વાત, મૂળભૂત સ્વામિનારાયણ સંપ્રદાયનો નર્મદા વિકાસ યોજનામાં પ્રથમથી સંપૂર્ણ ટેકો રહ્યો છે અને આજે પણ આપણા મહારાજશ્રી સંતોની સાથે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ઉપવાસના ટેકામાં બપોરે ૩ કલાકે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ પર તેમને શુભાર્શીવાદ પાઠવવા જશે. તમે સૌ પણ તમારી સવારની નિત્ય પૂજામાં મહારાજને પ્રાર્થના કરજો કે નર્મદા વિકાસ યોજનાની આડે અવરોધો દૂર થાય.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી : નરનારાયણદેવના આશરામાં બેસી આજ સુધીમાં જે કાર્ય થયા છે, તે અટક્યા નથી. મહારાજ એ કાર્યને પાર ઉતારે છે. મ્યુઝિયમ એ કોઈ એક વ્યકિત કે પૂ. બાપુજીનો પોતાનો સંકલ્પ નથી. મહારાજ જેવા છે તેવા ઓળખવા માટેનું આ એક આયોજન છે. પૂ. બાપુજીએ આપણને જે આપ્યું છે તેની સીમા કે ગણતરી થાય તેમ નથી. તેના માટે શબ્દો ટૂંકા પડે. સત્સંગને અને પુરા સમાજને જો એ દહાડો ન મળ્યો હોત તો કદાચ સત્સંગમાં એક બહુ મોટું વેક્યુમ સર્જાય ગયું હોત. હજારો વ્યક્તિઓને એક જ સ્થળે મહારાજની પ્રસાદીની વસ્તુઓનું દર્શન થતું રહેશે. નાનામાં નાના હરિભક્તથી લઈ ધનાઢ્ય હરિભક્તોએ મ્યુઝિયમ માટે તન, મન, ધનથી સહયોગ આપી ભગવાનને રાજી કરી લેવા. નરનારાયણદેવના ચરણમાં પ્રાર્થના કે પૂ. બાપુજીનો સંકલ્પ સાકાર થાય તે માટે દરેકને બળ મળે, દરેક આ કાર્યમાં જોડાય એ જ આજના દિવસે પ્રાર્થના.

હવે કર્મશક્તિ પાર્ક નવા નરોડા સ્વામિનારાયણ મંદિરના સાતમાં પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીએ જે આશીર્વચનો ઉચ્ચાર્યા, તેનું આચમન કરતા પહેલા આશીર્વચનો સમજવા માટે સ્ટેજ ઉપરની પૂર્વભૂમિકા સમજવી ખૂબ સુખપ્રદ અને જરૂરી હોવાથી તેનું પ્રથમ નિરૂપણ કરું છું. પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં પ્રાસંગિક સભાની કાર્યવાહી ચાલી રહી છે. તે દરમિયાન સભામાં એક ભક્તને કે જે દુનિયાની દ્રષ્ટિએ થોડો ગાંડા ઘેલો લાગે, તેને પ.પૂ. મહારાજશ્રીના સ્વરૂપમાં અંતવૃત્તિ ખૂબ

ખેંચાણી હશે તેથી કોઈ પણને પૂછયા વિના સ્ટેજ ઉપર ચડી ગયો. પ.પૂ. મહારાજશ્રીના ચરણોમાં ભેટ મૂકી અને દંડવત કરવા લાગી પડયો. પ.પૂ. મહારાજશ્રી તે વ્યક્તિ ઉપર ખૂબ રાજી થયા અને પોતાના બન્ને કરકમળ ઊંચા કરીને અંતરથી આશીર્વાદ આપ્યા. સ્ટેજ ઉપર તેણે થોડો વધારે સમય લીધો તેમજ તેની ચેષ્ટાઓથી દરેકને અનુભૂતિ થઈ કે થોડો ગાંડા ઘેલો છે. સ્ટેજ ઉપરથી એક હરિભક્તે તેને પ્રેમથી નીચે ઉતાર્યો, નીચે ઉતરીને પણ તે ભક્ત પાછા ડગલે ચાલ્યો. અને કંઈક સારુ સારું બોલતો ગયો.

પૂર્વ ભૂમિકામાં કાંકરિયા મંદિરના મહંત ગુરુપ્રસાદદાસજી સ્વામીએ ખૂબ સ્પષ્ટ શબ્દોમાં વાત કરી કે, પારાયણો આદિક જે કંઈ કાર્યક્રમ કરીએ તેમાં આપણા પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ લઈને કરીએ, આપણા અમદાવાદ મંદિરના મહંત વિદ્વાન સ.શા. નિર્ગુણદાસજી સ્વામીએ વાત કરીએ, તેઓને અથવા આપણા મંદિરના અન્ય વિદ્વાન સંતોને કથા પારાયણ કરવા બોલાવીએ તેમાં જ શ્રીજી મહારાજનો રાજીપો છે. પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા વિના બહારથી અન્ય સંતોને લાવીને પારાયણ કે અન્ય કાર્યક્રમો કરીએ તેમાં શ્રીજી મહારાજ આપણા ઉપર સહેજ પણ રાજી થતા નથી.

પ.પૂ. મહારાજશ્રી : ઘણી વખત સાજા માણસને ન સૂઝે એવુ ઘેલા માણસને સૂઝે. મહારાજે વ્યાખ્યા કરી છે. સાજો કોણ અને ગાંડો કોણ ? બહુ સમજણ પડતી ન હોય તો કંઈ નહિ ! પરંતુ દેવને વળગીને રહે તેને કોઈ ચિંતા નથી. નિષ્ઠા સિવાય આવી વૃત્તિ રહેતી નથી. એક માનકુવાનો નાથા ભક્ત મહારાજની પાછળ પડયો હતો. મહારાજને કહે, તમે ભગવાન છો. બોલો છો કે નહિ ! મહારાજ કહે અમે ભગવાન નથી. પેલો માણસ કહે, તમે ભગવાન છો. મહારાજ કહે, નથી. એટલે પેલા ભક્તે લાકડી ઉપાડી. મહારાજને કહે, તમે ભગવાન છો એવું કહો. મહારાજ કહે છીએ. મહારાજ કહે, આ પાકો ભગત છે. ભગવાનની ભક્તિ કરવામાં શૂરવીરતા જોઈએ. મહંતસ્વામીએ સાત દિવસ સુધી મહારાજના લીલાચરિત્રોનું રસપાન કરાવ્યુ. તેનાથી સત્સંગમાં બીમાર પડેલો માણસ પણ સાજો થઈ જાય છે.

કોઈ માણસ બીમાર પડે પછી દવાની દુકાને જઈને ઉભો રહે. ત્યાં ઘણી બધી દવા હોય. ગમે તે શીશી કે ગોળીઓ માંગી લે, ખાઈ લે, બધી દવા કામ ન લાગે. મહારાજે ત્યાં સુધી કહ્યું કે અજાણ્યા વૈદ્યે આપેલી દવા ન લેવી. ભણ્યા વિનાના ડોકટરો ઉંટ વૈદ્યું કરે. માંદો વધારે માંદો પડી જાય કે ઘણીવાર ઉકલી પણ જાય, કાંઈ ઠેકાણું નહી. એક હરિભક્ત બે વર્ષ પહેલા મળેલા, હાથે ફેકચર થયું હોવાથી પાટો બાંધેલો. બે વર્ષ પછી પણ ત્યાં પાટો બાંધેલો જોવામાં આવ્યો. પૂછ્યું કે કેમ હજુ સુધી ? તો કહે સંધાય ગયેલુ, પરંતુ હાડવૈધ પાસે ગયો, એટલે એ હાડવૈધે સાંધેલુ ફેકચર તોડી નાખ્યું, ભાંગી નાખ્યું. નિષ્ણાંત ડોક્ટર બનવું હોય તેને ૨૫-૩૦ વર્ષ સુધી ભણવું પડે છે. માણસના શરીરની એક ઈન્દ્રિય, કાન-નાક તેના સ્પેશીયાલીસ્ટ બનવા માટે પણ ડોકટરે એમ.બી.બી.એસ. પછી ૩-૪ વર્ષ સુધી ભણવું પડે છે. તો માણસની અંદર રહેલા અહંકાર, માન,ઈર્ષ્યા આદિક અંતઃશત્રુઓની દવા કરીને તે જીવને મહારાજના અક્ષરધામ સુધી લઈ જવા માટે કેટલો દાખડો કરવો પડે ! તે માટે સંતોને નિષ્ણાંત બનવું પડે છે. ગમે તે સંતોને લાવીને કથા કરવા બેસાડી દઈએ તો જીવ નો સાંધેલો સત્સંગ તોડી નાખે. કલ્યાણ અધરું છે. પણ જો મહારાજની આજ્ઞા, અનુવૃતિમાં કે મહારાજની રૂચિ કે ગમતામાં રહેતા આવડી જાય તો કામ સરળ થઈ જાય છે. જીવ સહજતાથી વગર મહેનતે ધામમાં પહોંચે છે. સુંદરજી સુથારે મનગમતું મૂકીને એક મહારાજને રીઝવ્યા. મહારાજ રાજી થયા. મહારાજ રાજી થાય એ જ સંતોષ અને એજ આનંદ છે. મન ગમે ત્યાં આંટા મારતું હોય, તેને વશ કરીને ભગવાનના મૂળભૂત સિદ્ધાંતોને વળગીને મહારાજને રાજી કરવાનો મોકો મળ્યો છે. દરેક એરિયાની અંદર દૂર દૂર સુધી કથા થાય છે. ભગવાનનું દર્શન થાય તે માટે મંદિરની સુવિધા થઈ છે. અમદાવાદના ગમે તે ખૂણે જઈને ઊભા રહો. મહારાજ દર્શન આપે છે. આપણી મંદિરે જવાની તૈયારી કેટલી છે તે જોવાનું છે. કોઈ સત્સંગ વિનાનો રહી જાય તેવું નથી. મન ગમતું કરવામાં એક ક્ષણ સુખ આવે. મહારાજની અનુવૃત્તિ, આજ્ઞામાં જ કાયમ સુખ છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારે જીવને પીડ્યા છે. મહારાજ કહે, અમારી આજ્ઞામાં રહે, તેને મહા સુખ આપીશું. મહા સુખ એટલે ગાડી બંગલા નહીં. જગતના સુખ તો ગુંડાઓને પણ મળે છે. એવા નાશવંત સુખની પાછળ દુઃખનો પડછાયો છે. બંગલા વાળાઓને ઉંઘ માટે કેટલી ગોળીઓ ગળવી પડે છે. જ્યારે ફૂટપાથ ઉપર સૂતેલો મોઝ થી

ઊંઘતો હોય છે. મોટા વ્યવસાયના સંકલ્પમાંય દુઃખ રહેલું છે. બે હરિભક્તોએ ભેગા મળી ખેતી છોડીને કોઈ બીજા મોટા વ્યવસાય માટે સંકલ્પ કર્યો. રાત્રે વાતોએ વિચારણા એ વળગ્યા. આ કરીએ તો આમાં આટલો લાભ થાય, અને આટલો ગેરલાભ થાય. એક પછી એક વ્યવસાયની ચર્ચામાં કૂકડો બોલ્યો, ત્યારે ખબર પડી કે સવાર થઈ ગયું ભગવાન ભૂલાઈ ગયા. વિચાર માંડી વાળ્યો કે ચર્ચામાં સવાર પડી ગઈ તો ધંધો કરીશું ત્યારે શું થશે ? મહારાજે આપણને આપ્યુ છે, વિશેષ આપશે. પણ ભગવાનને ભૂલીને કોઈ કામ કરીએ એ આપણું કામ નથી. ભગવાનને આગળ રાખજો. મહારાજના ચરિત્રોની સાથે જીવન જોડી દઈએ. ક્યાં ઉભા છીએ ? મહારાજથી કેટલા નજીક છીએ ? નજીક જવા પ્રયત્ન કરવો એ જ પાટોત્સવની ફલશ્રુતિ છે. મહારાજ સૌને ખૂબ સુખિયા કરે, ભજન ભક્તિનું બળ વિશેષ પ્રેરે, ભગવાનનો આશ્રય રાખી સુખ સમૃદ્ધિ વધે એ જ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.



પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંતજીવનો મોક્ષ કરવા આ બ્રહ્માંડમાં છપિયાને વિષે ધર્મપિતા ભક્તિમાતા થકી સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ-નવમીના ૧૦-૧૦ ઘડીએ પ્રકટ થયા. તે પુણ્ય પવિત્ર પ્રસંગને આ વરસે ૨૨૫ વર્ષ પૂર્ણ થતા કરોડો ભક્તોનાં હૃદયમાં આનંદ ઉત્સાહને પૂર્ણ કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણના સાતમાં વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. નિવૃત આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદ સહિત સાનિધ્યમાં અસીમકૃપાની અમીવર્ષા સમાન "જન્મભૂમિમાં જન્મ જયંતી" ભગવાન શ્રી સ્વામિનારાયણ રજત દ્વિશતાબ્દી જન્મજયંતી પ્રાકટ્ય મહામહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવશે. તેમાં લાખો ભક્તો બ્રહ્માંડની સર્વોપરિ સર્વશ્રેષ્ઠ ભૂમિ છપિયા (યુ.પી.)માં મહામહોત્સવમાં તન, મન, ધનથી સેવા સહિત શ્રધ્ધા ભક્તિ નિવેદન કરી જીવનની ઉત્તમ ધન્યતા અનુભવશે. છપિયામાં ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજ સ્વરૂપે અખંડ પ્રત્યક્ષ બિરાજે છે. ત્યાંજ પ્રાકટ્ય મહોત્સવ ઉજવીએ અને અક્ષરધામ તુલ્ય આનંદ અનુભવીએ.

નિર્ધારિત સમય : વિક્રમ સંવત ૨૦૬૩ કારતક સુદ-૩,૪,૫ તા. ૨૫-૨૬-૨૭ ઓક્ટોમ્બર ૨૦૦૬

-: આયોજન :-

● રજત દ્વિશતાબ્દી મહોત્સવ જન્મ જયંતી ● ઘનશ્યામ બાલચરિત્ર કથા પારાયણ ● હરિયાગ ● જન્મભૂમિ પૂજન ● તુલસી વિવાહ ● સમૂહ યજ્ઞોપવિત ● સમૂહ મહાપૂજા ● મહાભિષેક ● છપ્પન ભોગ અન્નકૂટ ● ગુરૂમંત્ર મહોત્સવ ● તપ્ત મુદ્રાદાન મહોત્સવ ● અખંડ ધૂન ● ધર્મકુળ પૂજન ● ધર્મકુળ-ભક્તિકુળ ભોજન ● શોભાયાત્રા ● કીર્તન આરાધના ● લીલાચરિત્રોનું ભવ્ય પ્રદર્શન ● પ.પૂ. મહારાજશ્રી સાથે છપિયાની પરિક્રમા

-: આયોજક :-

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

-: સંપર્ક અને વ્યવસ્થાપક :-

મહંત બ્રહ્મચારી વાસુદેવાનંદજી ગુરુ ગવૈયા બ્રહ્મચારી સ્વામી રામકૃષ્ણાનંદજી

શ્રી સ્વામિનારાયણ મંદિર, છપિયા, જી. ગોંડા, ઉત્તર પ્રદેશ, ફોન : (૦૫૨૬૫) ૨૫૪૨૧૩, ૨૫૪૨૩૩.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ, અમદાવાદના લાભાર્થે પ.પૂ. મોટા મહારાજશ્રીનો USA ધર્મપ્રવાસ

- પ્રહલાદભાઇ વિ. પટેલ (ન્યુજર્સી)

સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના સંબંધને પામેલ દિવ્ય કલ્યાણકારી, અમૂલ્ય, અદ્‌ભુત ચમત્કારીક પ્રસાદીનું સંગ્રહસ્થાન એટલે પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સંકલ્પથી સાકાર થઈ રહેલાં "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" જેના લાભાર્થે ફક્ત ૧૫ દિવસના ટૂંકા સમયમાં અમેરિકાના દક્ષિણ ભાગના ૨૫૦૦૦ માઈલની વિદેશયાત્રાએ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ નિવૃત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને સાથે છપૈયા માજી મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી, પર્સનલ સેક્રેટરી સંદિપભાઈ શેઠ, યુ.એસ.એ.માંથી ન્યુજર્સીથી પ્રહલાદભાઈ પટેલ, ઠાકોરભાઈ પટેલ, હેમેન્દ્રભાઈ મોરડીયા, મહેશભાઈ પટેલ, બોસ્ટનથી સંજય પટેલ, વોશિંગ્ટનથી કનુભાઈ પટેલ, શિકાગોથી જયંતિલાલ પટેલ, ડિટ્રોઈટથી શ્રી કાંતિભાઈ પટેલ વગેરે આ યાત્રામાં જોડાયા હતા.

વિહોકન મંદિર, ન્યુજર્સી : પ્રવાસની શુભ શરૂઆત ૨૨ એપ્રિલ શનિવાર પ.પૂ.ધ.ધુ. નિવૃત આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજીના ૬૨ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં મંદિર ખૂબજ ધામધુમથી શણગાર્યું હતું. કોલોનીયા મંદિર, ચેરીહિલ મંદિર, પારસીપતી તેમજ ન્યુયોર્ક ચારે બાજુથી હરિભક્તો વિહોકન મંદિરે પૂ. મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં સંતોના પ્રવચન તથા પૂ. મહારાજશ્રીના દિવ્ય આશીર્વાદથી શ્રી સુવ્રતકુમાર, શ્રી સૌમ્યકુમાર બંને ભાણેજશ્રી તથા શ્રી પ્રફુલ્લકુમારે સાથે રહી પૂજ્ય દાદાશ્રીના ૬૨માં જન્મોત્સવની કેક કાપી સર્વોપરિ શ્રીહરિની જય બોલાવીને પછી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ફંડની શરૂઆત કરી. પૂ. મહારાજશ્રીએ સર્વ પ્રથમ સ્થાપેલ વિહોકન મંદિરનો ફાળો મ્યુઝિયમ માટે સૌથી મોખરે રહ્યો છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર, ફ્લોરિડા

તા. ૨૩ એપ્રિલ રવિવારે પૂ. મહારાજશ્રી સંત-હરિભક્તો સાથે ફ્લોરિડા લેકલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પધાર્યા. હરિભક્તોએ છત્ર ધરી, વાજતેગાજતે તથા બહેનોએ માથે કળશ લઈ ભવ્ય સામૈયું કર્યું હતું. સાંજે ભવ્ય સભામાં શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજી તથા શાસ્ત્રી હરિકૃષ્ણદાસજીએ સુંદર પ્રવચનમાં મ્યુઝિયમનું માહાત્મ્ય સમજાવ્યું. પૂ. મહારાજશ્રીએ અલૌકિક આશીર્વાદ પાઠવ્યા. હરિભક્તોએ ત્રણ દિવસ પોતાના ઘરોઘર પધરામણીઓ કરાવી મ્યુઝિયમ માટે ખૂબજ સુંદર ફાળો નોંધાવ્યો.

I.S.S.O. મીડલ જ્યોર્જિયા (બાયરન-મેકન) : તા. ૨૬ મી એપ્રિલ, બુધવારે પૂ. મહારાજશ્રી બાયરન પધાર્યા. શ્રી નવિનભાઈ પટેલ (મોખાસણ)ને ત્યાં ઉતારો હતો. શ્રી દશરથભાઈ, શ્રી જયેન્દ્રભાઈ તથા શ્રી જયંતીભાઈ, રસિકભાઈ, શ્રી અશ્વિનભાઈ, શ્રી દિનેશભાઈ, શ્રી ભરતભાઈ સર્વે હરિભક્તોના સહકારથી મેકન શહેરમાં નવા બંધાયેલ શ્રી ઉમિયા માતાજીના મંદિરમાં સુંદર સભાનું આયોજન કર્યું હતું. પૂ. સંતો તથા પૂ. મહારાજશ્રીએ સુંદર આશીર્વચન પાઠવી મંદિરમાં આરતી ઉતારી ત્રણ દિવસના કાર્યક્રમમાં અનેક હરિભક્તોના અતિ આગ્રહથી પધરામણીઓ કરી મ્યુઝિયમ માટે સૌએ પોતાનું યોગદાન નોંધાવ્યું. સર્વોપરિ શ્રીહરિની કૃપા અને પૂ. મહારાજશ્રીના દિવ્ય પ્રભાવથી હરિભક્તો આપણી I.S.S.O. સંસ્થામાં જોડાઈ એક-નવા જ ચેપ્ટર્સ I.S.S.O. મીડલ જ્યોર્જિયા (બાયરન-મેઈન)ની સ્થાપના થઈ. ત્યાં મુખ્ય હાઈવે પર સુંદર શાંત રમણીય વિસ્તારમાં આપણા મંદિર માટેની ૧૯ એકર જેટલી વિશાળ જમીન પ.પૂ. મહારાજશ્રીએ સ્વયં પધારીને ખૂબજ રાજી અને પ્રસન્ન થઈ પોતાના દિવ્ય ચરણોથી સમસ્ત ભૂમિને પાવન કરી. અને જ્યાં વહેલામાં વહેલું મંદિર નિર્માણ થશે તેવો દૃઢ સંકલ્પો પોતે કરીને I.S.S.O. કમિટીને તત્કાલ કોન્ટેક કરી ઓફર પણ આપી દીધી.

I.S.S.O. એટલાન્ટા : તા. ૨૯ મી શનિવારે પૂ. મહારાજશ્રી એટલાન્ટા પધાર્યા. તા. ૩૦મી રવિવારે ગુજરાતી સમાજના વિશાળ હોલમાં સુંદર સભાનું આયોજન થયું. વિશાળ સંખ્યામાં હરિભક્તોએ પૂ. મહારાજશ્રીના દર્શન તથા અનેક હરિભક્તોએ ઘેર પધરામણી કરાવી મહા લાભ લીધો. રોમ સીટીમાં પધરામણી ઉપરાંત એક સુંદર હોલમાં સભાનું આયોજન થયું. એટલાન્ટામાં પણ હરિભક્તોએ પૂ. મહારાજશ્રીના દિવ્ય પ્રભાવથી આકર્ષાઈ મિટીંગ કરી I.S.S.O. એટલાન્ટાની નવા ચેપ્ટર્સની પૂ. મહારાજશ્રીએ સ્થાપના કરી. સ્વયં ભગવાનના પુત્ર અને તેમનું અપર સ્વરૂપ જ્યારે આ પ્રવૃત્તિમાં જોડાયેલું હોય એટલે તે કાર્ય સર્વોપરિ થઈ જાય. તે રીતે એક ચર્ચ માટે કોણ જાણે અચાનક જ એક રીયાલેટર્સનો ફોન આવ્યો ને જગ્યા પૂ.

મહારાજશ્રીને ખૂબજ પસંદ પડી. અને હરિભક્તોને તુર્તજ ખરીદવા માટે આજ્ઞા કરીને કોન્ટ્રાકટ પણ કરી દીધો. આ રીતે આ ધર્મયાત્રામાં પૂ. મહારાજશ્રીએ બે નવા I.S.S.O. ચેપ્ટર્સની સ્થાપના કરી તથા મંદિર માટે શ્રી ગણેશ કર્યા. શ્રી પ્રવિણભાઈ, દક્ષેશભાઈ, અશોકભાઈ, રાજેશભાઈ, અલ્પેશભાઈ, સુરેશભાઈ વગેરે અનેક ઉત્સાહી હરિભક્તોએ મ્યુઝિયમ માટે ખૂબજ મહેનત કરી અને સૌએ સાથે મળી ખૂબજ સારું યોગદાન આપ્યું.

બર્મિંગહામ-હંટસવીલ (અલાબામા) તા. ૩ અને ૪ મે હંટસવીલ, અલાબામાં પૂ. મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા. ત્યાં શ્રી કલ્પેશકુમારને ત્યાં ઉતારો રાખવામાં આવ્યો હતો. તા. ૪ મે ગુરુવારના સાંજે હિન્દુ ટેમ્પલમાં સભાનું ભવ્ય આયોજન થયું હતું. ઘણા હરિભક્તોને ત્યાં પધરામણીઓ પણ કરી. સૌએ મ્યુઝિયમ માટે ઉદાર હાથે ફાળો નોંધાવ્યો હતો.

નેશવીલ : તા. ૫ મે ના રોજ પૂ. મહારાજશ્રી મોખાસણના શ્રી સોમાભાઈ પટેલની રમાડા મોટેલમાં પધાર્યા હતા. ત્યાં પણ કોન્ફરન્સ હોલમાં સભાનું આયોજન થયું હતું. ત્યાંથી બીજે દિવસે નેશવીલમાં શ્રી જયંતીભાઈ પટેલને ત્યાં ઉતારો હતો. સાંજે ગુજરાતી સમાજના વિશાળ હોલમાં ૪૦૦ થી વધારે હરિભક્તોની વિશાળ સભામાં પૂ. મહારાજશ્રીના દર્શન તથા સંતોની અમૃતવાણીનો લાભ સૌ હરિભક્તોએ મળ્યો હતો. ત્યાંના હરિભક્તોએ પણ મ્યુઝિયમ માટે ખૂબ જ સારો એવો ફાળો નોંધાવ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ મંદિર, કોલોનીયા (ન્યુજર્સી) : તા. ૭ મે રવિવારના રોજ મંદિરમાં પૂ. મહારાજશ્રીની દિવ્ય સભાનું આયોજન થયું હતું. સ્વામી દેવપ્રસાદદાસજી (મહંત સ્વામી) એ સૌને પહેલેજથી મ્યુઝિયમ માટે હરિભક્તોને માહાત્મ્ય સમજાવી ઉદાર હાથે ફાળો કરવાની પ્રેરણા આપી હતી. સભામાં સંતોના પ્રવચન બાદ પૂ.મહારાજશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે પહેલાં આચાર્યપદ ઉપર હતા ત્યારે મંદિરો બનાવવાનો ખૂબજ આગ્રહ હતો. હવે અમોને નજર સમક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમનું મ્યુઝિયમ જ રાત-દિવસ દેખાય છે.


ફક્ત બે જ સપ્તાહના ટૂંકા ધર્મ પ્રવાસમાં હજારો હરિભક્તોને રાજી કરી દરેકના ઘરોઘર પધરામણી કરી તેમના મનોરથ સંકલ્પને પૂર્ણ કરી અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો પ્રચાર પ્રસાર કરી સૌ ભક્તોને રૂડા આશીર્વાદ આપી સ્વદેશ આગમન કર્યું.

Nilkanth

He moves in the cool, clear waters of this mountain stream.
He is the sunlight that reflects like flawless diamonds
Upon the face of these flowing waters.
He is the pure gold hue that fills
This morning air with a fresh sweet taste.
He is the leaf that drinks of his nourishing life force.
And I am the seer who beholds the waking vibration
Of the taintless Sushumna - the life current.
I am carried quietly, gently, deeply in this river of life,
Away from the entanglements of flesh,
Away from all that is unattainable of this Earth,
To the shores of blessedness in spirit.
And I sit here in this moment,
Upon this altar of God,
Where the azure sky and the flowing pure waters meet
And I am immersed in His divine presence

ગેરીબ્રોક નામના અમેરિકન ને પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શનથી પ્રભાવિત થઈ અને સતત સંપર્કમાં રહેવાથી મૂળ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સારૂં એવું જ્ઞાન પ્રાપ્ત થયું છે. હમણા તેઓ ઉત્તર કેરોલિનાના પહાડી પ્રદેશમાં એક ઝરણાના નાનકડા ધોધ પાસે ઉભેલા ત્યારે શ્રી નીલકંઠવર્ણીના વનવિચરણ પ્રસંગનું એકાએક સ્મરણ થતા અને તાદેશ તેમને વન વિચરણના દર્શનનો અનુભવ થતા શ્રીનીલકંઠવર્ણીના આ ભાવવાહી સુંદર કાવ્ય લખવાની સ્ફુરણા થઈ હતી.

અમેરિકામાં વરસોથી સ્થાયી આપણા પ.ભ. નલીનભાઈ જોષીના પરિવાર સાથે ૨૦ વરસથી સંકળાયેલા ગ્રેરીબ્રોક નામના અમેરિકન નાગરિકને આપણા મૂળ સંપ્રદાય અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના થોડા વર્ષો પૂર્વેના દર્શન-મુલાકાતથી તે ખૂબજ પ્રભાવિત થયેલા. ત્યારથી તેઓ એક સારા સત્સંગી તરીકેનું જીવન વ્યતિત કરે છે. અને જ્યારે પણ પ.પૂ. મોટા મહારાજશ્રી કે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અમેરિકા પધારે ત્યારે કોઈપણ સંજોગોમાં દર્શન કરવાનું ચૂકતા નથી. તેમજ આપણા ઉત્સવ પ્રસંગમાં આર્થિક યોગદાન આપવાનું પણ ચૂકતા નથી. તેઓએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં એક હરિભક્તની જેમજ આર્થિક સેવા મોકલાવેલ. હાલ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું નિર્માણ થઈ રહ્યું છે. તેની જાણ અને માહિતી ગ્રેરીબ્રોકને થતા તેમણે પ.પૂ. મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણમાં પોતાનું કિંમતી યોગદાન મોકલ્યું છે. ખરેખર ધન્યવાદ છે એક ગોરા નાગરિકને કે જેણે એક ટૂંકી મુલાકાતમાં ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીમાં કાંઈક અદ્‌ભુત અનુભવ્યું હશે તો જ તે આપણો આશ્રિત બને. નહિં તો અમેરિકન ગોરી પ્રજાને ગમે તેમ સમજાવીને સત્સંગી બનાવી શકાતો નથી.



શ્રીહરિના કર્દા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં

પવિત્ર કૈલાશ-માનસરોવર યાત્રા

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના માતા પિતાના સ્વધામગમન બાદ ૧૧ વર્ષની કુમળી વયે વન વિચરણનો પ્રારંભ કરેલો. આજથી ૨૧૫ વર્ષ પહેલા જ્યાં આ વિશ્વનો કોઈ મહાન વિજ્ઞાનિક પણ નહોતો પહોંચી શક્યો તેવા ભયંકર વિકટ હિમાલયના દુર્ગમ પહાડો-નદીઓ, સરોવરો પાર કરતા કરતા શ્રી નીલકંઠવર્ણી કૈલાસ માનસરોવર પર પધાર્યા અને અતિ ઉગ્ર તપશ્ચર્યા કરીને આ સરોવરને અલૌકિક અને દિવ્ય તીર્થક્ષેત્ર બનાવેલ છે. જેનું વર્ણન સ.ગુ. આધારાનંદ સ્વામીએ પોતાના ગ્રંથ શ્રીહરિચરિત્રામૃત સાગરના પુર-૨, તરંગ-૨૦માં આ રીતે વર્ણવેલ છે. "માન સરોવર મહાવિશાલા, ફુલ રહે મહીં કમલ લાલા, હંસ બેઠે તેહિ તીર અપારા, મોતિન કો સબ કરત ચારા, સો સરમેં હરિ ન હાયે જાઈ, મગન ભયે મહા હુલસાઈ, તીહાં રહે હરિ પાંચહિ દીના, સબ હંસ તેહી દર્શન કીના." આજે ૨૧૫ વર્ષ પછી સંપ્રદાયમાં સૌ પ્રથમ શ્રીહરિના અપર સ્વરૂપ શ્રી નરનારાયણદેવ પીઠના કર્દા આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-હરિભક્તોના વિશાળ સમૂહ સાથે પવિત્ર કૈલાસ માનસરોવરની યાત્રાએ પધારી રહ્યા છે. જે આપણા સમગ્ર સંપ્રદાય માટે ગૌરવ અને અતિ આનંદની વાત કહેવાય.

દેશ-વિદેશના અનેક હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રી સાથે યાત્રા કરવાની ઘણીજ ઉત્કંઠા હોય અને ખરેખર આવો સમય જીવનમાં મળવો બહુ દુર્લભ છે. માટે યાત્રામાં જોડાવા ઈચ્છતા દરેક હરિભક્તોએ વહેલામાં વહેલી તકે સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવી લેવું.

યાત્રા વિશેની સંપૂર્ણ માહિતી

કુલ દિવસ : ૧૬ રૂટ : જમીન માર્ગે કાઠમંડુ-ઝાંગ્મુ - કૈલાસ-ઝાંગ્મુ

૧. ૩૦-૯-૦૬ કાઠમંડુ આગમન - ત્યાં ઉતારો.
૨. ૧-૧૦-૦૬ પશુપતિનાથજી - બુધ્ધનાથ વગેરેના દર્શન વગેરે
૩. ૨-૧૦-૦૬ કાઠમંડુથી ન્યાલમ જીપ દ્વારા ૧૫૦ કિ.મી. ૮ થી ૯ કલાક ત્યાં રાત્રીરોકાણ:
૪. ૩-૧૦-૦૬ ન્યાલમ રોકાણ
૫. ૪-૧૦-૦૬ ન્યાલમથી સાગા ૨૫૦ કિ.મી. ૭ થી ૮ કલાક, રાત્રી રોકાણ (ગેસ્ટ હાઉસ)
૬. ૫-૧૦-૦૬ સાગાથી પર્યાગ ૨૨૫ કિ.મી. ૭ થી ૮ કલાક ત્યાં વિરામ
૭. ૬-૧૦-૦૬ પર્યાગથી માન સરોવર ૨૫૦ કિ.મી. ૯ થી ૧૦ કલાક, ત્યાં રાત્રી વિરામ, માન સરોવર ગેસ્ટ હાઉસ અથવા ટેન્ટમાં
૮. ૭-૧૦-૦૬ માનસરોવર સ્નાન-પૂજા અર્ચન ત્યાંથી દારચેન તરફ પ્રયાણ, રાત્રી વિરામ ગેસ્ટ હાઉસ.
૯. ૮-૧૦-૦૬ જીપદ્વારા દારચેનથી તારબોચે જવું. અહીંથી કૈલાસ પરિક્રમાનો પ્રથમ દિવસનો પ્રારંભ. તારા બોચેથી ડીરાપુક ૧૨ કિ.મી. ૬ થી ૭ કલાક. રાત્રી વિરામ ટેન્ટમાં.
૧૦. ૯-૧૦-૦૬ પરિક્રમા ૨ જો દિવસ ડીરાપુકથી ડોરમાલા પાસ થઈ ઝુથુલપુક ૨૧ કી.મી. ૧૦ થી ૧૧ કલાક, રાત્રી વિરામ ટેન્ટમાં.
૧૧. ૧૦-૧૦-૦૬ પરિક્રમા ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ ઝુથુલપુકથી હોરક્યુ માનસરોવરના કિનારે ૮ કિ.મી. ૫ કલાક, રાત્રી વિરામ ટેન્ટમાં
૧૨. ૧૧-૧૦-૦૬ હોરક્યુથી પર્યાગ રાત્રી વિરામ ગેસ્ટ હાઉસ
૧૩. ૧૨-૧૦-૦૬ પર્યાગથી સાગા રાત્રી વિરામ ગેસ્ટ હાઉસ
૧૪. ૧૩-૧૦-૦૬ સાગાથી ન્યાલમ રાત્રી વિરામ
૧૫. ૧૪-૧૦-૦૬ ન્યાલમથી ઝાંગ્મુ કસ્ટમ ઈમીગ્રેશનની વિધિ પુરીને લકઝરી બસ દ્વારા કાઠમંડુ તરફ પ્રયાણ
૧૬. ૧૫-૧૦-૦૬ બસ દ્વારા કાઠમંડુથી બપોરે એરપોર્ટ જવા રવાના (વતન તરફ)

એક યાત્રિકનું કુલ ખર્ચ રૂ. ૬૩૦૦૦-૦૦ (વિદેશ રહેતા પાસપોર્ટ ધારકો માટે) અમેરિકન ડોલર : ૨૦૫૧

કાઠમંડુથી કૈલાસ માનસરોવર-કાઠમંડુ

આ યાત્રામાં ૧૨ વર્ષથી ૭૦ વર્ષ સુધીના લોકો જોડાઈ શકે છે. યાત્રા દિવસ -૧૬ પાસપોર્ટ જરૂરી છે. યાત્રા શરૂ થવાનું અને પૂર્ણ થવાનું સ્થળ દિલ્હી ઈન્ટરનેશલન એરપોર્ટ

હૃદય અને દમ (અસ્થમા)ના દર્દી યાત્રામાં જોડાઈ શકશે નહી. તા. ૧૫-૮-૨૦૦૬ પહેલા રજીસ્ટ્રેશન કરાવી લેવું.

વધુ વિગત માટે સંપર્ક : નીલકંઠ ટુર એન્ડ ટ્રાવેલ્સ
૪૧૨ એ/બી. પ્લેટીનિયમ પ્લાઝા, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ-૫૧.
મો. : ૯૯૨૫૧૨૫૮૫૩, ૯૮૯૮૧૧૪૬૪૬, ૯૮૨૫૨૬૧૧૨૯.

'शतंजीवेम् शरदः'

(આરોગ્ય વિષયક ધારાવાહિક નોંધ)

(આઈ.એસ.એસ.ઓ. સેવા-સર્વીંગ હ્યૂમાનિટીના હેલ્થ બ્રોશ્યરમાંથી....)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણા અને સીધી દેખરેખથી આપણા I.S.S.O. ના ઉત્સાહી યુવા કાર્યકરોએ છેલ્લા ૬ માસથી 'સેવા' નામની સામાજિક સેવા-પ્રવૃત્તિ નું અભિયાન શરૂ કર્યું છે. જે દરેક મહિનાના બીજા અને ચોથા રવિવારે અમેરિકાના અલગ અલગ રાજ્યોના આપણા મંદિરોમાં ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરે છે. જ્યાં અગાઉ જાહેરાત કરવામાં આવે છે એટલે ચેકઅપ માટે ઘણા જ દર્દીઓ લાભ લઈ શકે છે. ત્યાંના નામાકિંત વિવિધ રોગોના નિષ્ણાંત ડૉકટરોની ટીમ તેના નિયત સમયે કેમ્પમાં હાજર થઈ જાય છે. આમ 'સેવા' સંસ્થા દ્વારા મેડીસીન અને અન્ય જરૂરીયાત વગેરે વગર ચાર્જે (ફ્રી) આપવામાં આવે છે. દરેક કેમ્પમાં સેંકડો ઉપરાંત દર્દીઓ સેવાનો લાભ લે છે. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આ પ્રવૃત્તિને વધુ વેગ મળે તે માટે સતત પ્રયાસ કરે છે અને આ પ્રવૃત્તિમાં માર્ગદર્શન અને પ્રેરણા આપતા રહે છે. 'સેવા'ના નામનું એક સોવિનિયર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ્રકાશીત કરવામાં આવ્યું છે. જેમાં દરેક પ્રકારના રોગો કેમ થાય છે. અને તેના ઉપાયો અને આપણી I.S.S.O. દ્વારા આ 'સેવા' સંસ્થાની પ્રવૃત્તિની સુંદર વિગતવાર માહિતી અને નિષ્ણાંત ડોકટરોના અભિપ્રાયો અને રોગ વિશેની માહિતી રંગીન ચિત્રો સાથે પ્રકાશીત કરવામાં આવી છે.

વિશ્વના દરેક દેશોમાં 'ડાયાબીટીસ'ના દર્દીઓની સંખ્યા કરોડોમાં છે. જે માટે આપણી 'સેવા'ના સોવિનિયરમાંથી 'ડાયાબીટીસ'ના સરળ ઉપચારનો એક લેખ અત્રે આપણા અંકમાં પ્રકાશીત કરવામાં આવ્યો છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કમશઃ આપણા અંકમાં 'સેવા'ની વિશેષ પ્રવૃત્તિ પ્રકાશીત કરવામાં આવશે.

ડાયાબીટીશ, તેનો વ્યાપ અને તેની અસરો

મધુ પ્રમેહનો આ જૂનો રોગ શરીરમાં ઈન્સ્યૂલીનનું ઉત્પાદન કે વપરાશ અનિયમિત બને ત્યારે થાય છે. ઈન્સ્યૂલીન નામનું આ તત્વ સાકર, સ્ટાર્ચ અને અન્ય ખોરાકને દૈનિક જીવન માટે શક્તિ (ઊર્જા)માં બદલે છે. જેમને ડાયાબીટીસ થાય છે તેઓના લોહીમાં સાકરનું પ્રમાણ વધી જાય છે.

અમેરિકામાં ડાયાબીટીસને કારણે આવી પડતી અપંગતા અને મૃત્યુનો આંક ઘણો ઊંચો છે. અમેરિકામાં વરસ દહાડે ૯૮ અબજ ડૉલરનો ખર્ચ કરીને આ બિમારીને રોકવાનો પ્રયાસ થાય છે. મૃત્યુ માટે આગળ પડતા સાત કારણો પૈકીનું એક કારણ આ રોગ છે. એશિયન અને પેસીફીક ટાપુઓના અમેરિકનોના મૃત્યુ માટેનું પાંચમું આગળ પડતું કારણ છે.

આ બીમારીને કારણે જીવનની ગુણવત્તા નાશ પામે છે અને લાંબા સયમ સુધી સ્વાસ્થ્ય ખોરવાઈ જાય છે. પુખ્તાવસ્થાનો અંધાપો, કિડનીની અસાધ્ય બીમારી, નસોના રોગને કારણે સાથળ અને પગમાં ખામી, ડાયાબીટીસની અસર તળે હૃદય રોગ અને કાર્ડિયોવસ્ક્યૂલર રોગથી અકાળ મૃત્યુ નિપજે છે.

કેટલાં એશિયન-પેસેફિક ટાપુઓના અમેરિકનોને આ રોગ છે ?

આ માહિતી સિમીત પ્રમાણમાં ઉપલબ્ધ છે. બીજા પ્રકારનો ડાયાબીટીસ અમુક વસ્તીમાં ઝડપથી ફેલાય છે - જેમ કે સિએટલમાં રહેતા જાપાનીસ અમેરિકન - તેમનામાં આ રોગનું પ્રમાણ અન્યની તુલાનામાં બે થી ત્રણ ગણું છે. હવાઈના મૂળ નિવાસીઓમાં આ પ્રમાણ લગભગ અઢી ગણું છે.

ડાયાબીટીસના પ્રકાર

પ્રકાર-૧ : તરુણ મધુપ્રમેહમાં શરીરની રક્ષણવ્યવસ્થા પોતેજ ઈન્સ્યૂલીન બનાવતા પેનક્રિયાસના કોષો ને નષ્ટ કરે છે. અથવા તો ઈન્સ્યૂલીનને અસરકારક રીતે વપરાશમાં લેવાતું નથી. આ દરદીએ રોજિંદા જીવન માટે દરરોજ ઈન્સ્યૂલીનના ઈન્જેકશન લેવા પડે છે. આ પ્રકરાનો મધુપ્રમેહનું પ્રમાણ

એશિયન અને પેસિફિકટાપુઓના અમેરિકનોમાં ઘણું ઓછું છે.

પ્રકાર-૨ : આ મધુપ્રમેહ પુખ્તવયના લોકોને બીમારીની લપેટમાં લે છે. શરીર પૂરતા પ્રમાણમાં ઈન્સ્યૂલીન બનાવતું નથી, અને બનાવેલું ઈન્સ્યૂલીન અસરકારક રીતે વપરાશમાં લેતું નથી. સાધારણ રીતે ચાળીસ વર્ષથી વધુ વયના લોકોને આ બીમારી થાય છે. છેલ્લા દાયકાઓમાં આ રોગ તરુણોને પણ લપેટમાં લઈ રહ્યો છે. આ રોગ મોટા ભાગે અશિયન અમેરિકનો અને પેસેફિક ટાપુઓના અમેરિકનોમાં જોવા મળે છે.

ગેસ્ટેશનલ ડાયાબીટીસ :

આ રોગ સગર્ભાવસ્થા દરમ્યાન જોવા મળે છે. અને સગર્ભાવસ્થા પૂરી તથા આ રોગ દૂર થાય છે. પરંતુ જે સ્ત્રીઓને સગર્ભાવસ્થા દરમ્યાન આ રોગ થયો હોય તેમને જતે દિવસે ડાયાબીટીસનો બીજા પ્રકારનો રોગ થવાની પૂરેપૂરી શક્યતા છે.

ડાયાબીટીસના લક્ષણો :

ડાયાબિટીસના લક્ષણો ટૂંક સમયમાં જ નજરે પડે છે. તરસ, મૂત્રનું વધતું પ્રમાણ, સતત ભૂખ, વજનમાં ઘટાડો, ઝાંખી દૃષ્ટિ અને થાક એ જલ્દી દેખાઈ પડતા લક્ષણો છે.

પ્રકાર-૧ના મધુપ્રમેહનું નિદાન અને ઉપચાર ઝડપથી ન થાય તો દર્દી જીવન-જોખમી મૂર્છામાં સરી પડે છે.

પ્રકાર-૨ના મધુપ્રેમહના લક્ષણો લાંબા સમય પછી દૃષ્ટિગોચર થાય છે. થાક, અસ્વસ્છતા, અસામાન્ય તરસ, વારંવાર મૂત્ર ત્યાગ, વજનમાં ઘટાડો, ઝાંખી દૃષ્ટિ, વારંવાર ચેપ લાગવો, જખમ રુઝાવામાં સમય લાગવો વગેરે.

ડાયાબીટીસનું નિદાન કઈ રીતે થાય ?

દરદીના લોહનું પરીક્ષણ કરીને લોહમાં સાકરનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. પરિક્ષણ કરતા પૂર્વે આઠ કલાક સુધી ખોરાક આપવામાં આવતો નથી. ઉપવાસ સમયે લોહીમાં સાકરનું પ્રમાણ જો ૧૨૬ મી.ગ્રા./લિ. અથવા વધારો હોય તો તેને ડાયાબીટીસ છે એમ કહી શકાય.

પ્રકાર-૨ નો ડાયાબીટીસ થવાની શક્યતાઓ :

કુટુંબીજનો આ રોગ ધરાવતા હોય, શરીર વધુ પડતું જાડું હોય, વધુ પડતી ચરબી વાળો ખોરાક અને શરીરની નિષ્ક્રિયતા એ મુખ્ય કારણો છે. ડાયાબીટીસ વધારે પડતી મીઠાઈ કે સાકરયુક્ત આહારને કારણે થતો નથી. જે એશિયન અમેરિકન અને પેસેફિક ટાપુઓના રહેવાસીઓ યુ.એસ.માં જતા ખાનપાનની આદતો બદલીને વનસ્પતિ અને માવલી આધારિત ખોરાકને બદલે પ્રાણીજ પ્રોટીન, ચરબી અને કાર્બોહાઈડ્રેરસ લેતા થયા છે તેઓ અને જે લોકો શારીરિક સક્રિયતા છોડી ચૂક્યા છે, તેમને બધાને ડાયાબીટીસ થવાની શક્યતાઓ વધી છે.

બીજા પ્રકારનો ડાયાબીટીસ રોકી શકાય ખરો ?

હા, રોકી શકાય. મધુપ્રમેહ અટકાયત કાર્યક્રમ, નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ હેલ્થનો સંશોધન અહેવાલ દર્શાવે છે તે પ્રમાણે તંદુરસ્ત આહાર અને ૧૦ થી ૧૫ પાઉન્ડ વજનનો ઘટાડો આ બીમારીને રોકી શકે છે. ૫૮% જેટલા લોકોને આ રોગ થવાની શક્યતા હોવા છતાં ઉપરોક્ત કાર્યક્રમ થકી તેઓ આ જીવલેણ બીમારીને રોકી શક્યા.

ડાયાબીટીશનું નિયમન

આ બિમારીનું નિયમન જાતે જ કરવું પડે. આ લોકોએ પોતાના શરીરની અંદરની સાકરનું પ્રમાણ જાળવી રાખવાની જવાબદારી જાતે જ ઉઠાવવી જોઈએ.

એક-પ્રકારનો મધુપ્રમેહ

નાથવા માટે દર્દીએ નિયમિત રૂપે ઈન્સ્યૂલીનના ઈન્જેકશન લેવા જોઈએ. કડક પરહેજી પાળવી જોઈએ. સુનિયોજીત આહાર, શારીરિક સક્રિયતા લોહીમાં સાકરનું પ્રમાણ અને તે પ્રમાણનું જાત-નિરીક્ષણ અને પ્રતિદિન લેવાના થતાં ઈન્સ્યૂલીન નો તેમાં સમાવેશ થાય છે.

બીજા પ્રકારનો મધુપ્રમેહ નું નિયમન કરવા માટે સુયોજિત આહાર, શારીરિક સક્રિયતા, સાકારના .પ્રમાણનું જાત-નિરીક્ષણ, ખોરાક રૂપે લેવાતી દવાનું નિયમિત સેવન અને નિયમિત રૂપે ઈન્સ્યૂલીનના ઈજેકશન લેવાની કાળજી દર્દીએ પોતેજ લેવાની હોય. આ રોગના દર્દીઓ પૈકી ૪૦%ને બીજા પ્રકારનો મધુપ્રમેહ હોય છે. તેમના માટે ઈન્સ્યૂલિનના ઈજેકશન લેવા ખૂબજ જરૂરી છે.

સંશોધન - અભ્યાસ દ્વારા સિદ્ધ થયું છે કે જે લોકો લોહીમાં સાંકરનું પ્રમાણ સામાન્ય મર્યાદામાં રાખે છે તે લોકોને આંખના રોગો, કિડીનીના રોગો અને જ્ઞાનતંતુઓના રોગોના હૂમલા સામે રક્ષણ મળે છે. લાંબા સમય સુધી લોહીમાં સાકરનું પ્રમાણ નીચી સપાટીએ રાખવાથી ડાયાબીટીસને નાથી શકાય છે.

લોહીમાં સાકરનું પ્રમાણ માપવાનો સહુથી સારો રસ્તો છે A-1-C પરિક્ષણ. (એ-વન-સી-ટેસ્ટ). આ એક સરળ

પરિક્ષણ છે. તેમાં છેલ્લા ત્રણ મહીનાનું લોહીમાં સાકરનું સરેરાશ પ્રમાણ મપાય છે. ડાયાબીટીસના દર્દીને હૃદય રોગ અને હૃદય આઘાત (સ્ટ્રોક)ના હૂમલાની શક્યતા રહે છે. તેમણે બ્લડ પ્રેશર અને કોલેસ્ટરોલ પણ કાબુમાં રાખવા પડે છે. એન.ડી.ઈ.પી. નીચે પ્રમાણેનું પ્રમાણ ડાયાબીટીસના રોગીઓ માટે સૂચવે છે. તેનાથી હૃદય રોગ અને સ્ટ્રોકની શક્યતા ઘટાડી શકાય છે.

લોહીમાં સાકર ૭% થી ઓછું. (એ-વન-સી-ટેસ્ટ)

બ્લડ પ્રેશર ૧૩૦/૮૦% એમ. એમ. એચ.જી. થી ઓછું

કોલેસ્ટરોલ ૧૦૦ એમ.જી./ડી.એમ.થી ઓછું.

(ઉપરોક્ત લેખ I.S.S.O. સેવા હેલ્થ બ્રોશ્યોરમાં છાપેલા નેશનલ ઈન્સ્ટ્રીટ્યુટ ઓફ ડાયાબીટીસ એન્ડ કીડની ડીસીસ, NIH. USAના લેખમાંથી ટુંકાવીને પ્રસ્તુત કર્યો છે.)

જાહેર સૂચના

આથી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ હરિભક્તો ને ખાસ જણાવવાનું કે આંપણા સંપ્રદાયના દેશ વિભાગના લેખ તથા સત્સંગિજીવન આદિ શાસ્ત્રોના નિયમ પ્રમાણે ત્યાગી ગૃહી સર્વના ગુરુ સ્થાને બિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એજ સર્વોપરિ છે. તે પરંપરા પ્રમાણે સંપ્રદાયના આપણા કોઈપણ ગામમાં કે મંદિરમાં સંતો હરિભક્તો પાસે દાન ધર્માદો લેવા કે કથા વાર્તા કરવા આવે ત્યારે આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞા પત્ર (મહોરછાપ) લઈને જ આવે છે. આ મહત્વની સંપ્રદાયની પરંપરાનું દરેક સંતો તથા હરિભક્તોએ ખાસ ધ્યાન રાખવું અને મહારાજની આજ્ઞાનું સહેજે પાલન થાય તે માટે દરેકે અમદાવાદ દેશના ગામોમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞા પત્ર આવનાર સંત હરિભક્તો પાસે ખાત્રી માટે જોવાની અપેક્ષા રાખવી.

આજ્ઞાથી,

લી. મહંત સ્વામી

આપણી કેળવણી સંસ્થાના સમાચાર

ઘ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ આર્ટસ-કોમર્સ કોલેજ (સવાર)ના પ્રિન્સિપાલ ડૉ. યોગેશ પંડ્યાનું બહુમાન

આપણી શ્રી સહજાનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, (સવારની) આંબાવાડી, અમદાવાદના પ્રિન્સિપાલ ડૉ. યોગેશ આર. પંડ્યાએ શિક્ષણ ક્ષેત્રે આપેલા નોંધપાત્ર યોગદાન બદલ દેશની બે પ્રતિષ્ઠિત સંસ્થાઓએ ગોલ્ડ મેડલ અને એવોર્ડ વડે તેમનું બહુમાન કર્યું છે.

નવી દિલ્હીની હોટલ કોનોટ ખાતે યોજાયેલા 'એજ્યુકેશન એન્ડ સોસિયો ઈકોનોમિક ડેવલપમેન્ટ' અંગેના એક સેમિનારમાં 'ધ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ મેનેજમેન્ટ, ન્યુ દિલ્હી' તરફથી ડૉ. પંડ્યાને રાષ્ટ્રીય વિદ્યા સરસ્વતી પુરસ્કાર એનાયત કરાયો હતો, જ્યારે 'ધ ઈન્ડિયન સોલિડારિટી કાઉન્સિલ, ન્યુ દિલ્હી'એ લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અને ગોલ્ડ મેડલ વડે તેમને નવાજ્યા હતા.

ભૂતપૂર્વ રાજ્યપાલ ભિષ્મનારાયણસિંઘ તથા ચૂંટણી કમિશ્નર જી.વી.જી. કૃષ્ણમૂર્તિના હસ્તે તેમનું સન્માન કરાયું હતું.

'વીસમી સદીના અગ્રણી પ્રતિભાઓ' હેઠળ પ્રકાશીત કરાયેલા પ્રતિષ્ઠિત પુસ્તકમાં પણ ડૉ. પંડ્યાનો નામોલ્લેખ કરાયો છે. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપનારી અન્ય વ્યક્તિઓનું પણ બહુમાન કરાયું હતું.

આપણી સ્કુલોમાં ચાલુ વર્ષે લેવાયેલ પરીક્ષાનું પરિણામ

- શ્રી સહજાનંદ સ્કુલ (અંગ્રેજી માધ્યમ) ..... ધોરણ-૧૨ ..... ૧૦૦%
- શ્રી સહજાનંદ સ્કુલ (અંગ્રેજી માધ્યમ) ..... ધોરણ-૧૦ ..... ૧૦૦%
- શ્રી સહજાનંદ સ્કુલ (ગુજરાતી માધ્યમ) ..... ધોરણ-૧૨ ..... ૯૨.૮૫%
- શ્રી સહજાનંદ સ્કુલ (ગુજરાતી માધ્યમ) ..... ધોરણ-૧૦ ..... ૮૫.૮૪%

।। વચનામૃત ।।

અમદાવાદનું સાતમું

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ (નારાયણઘાટ)

વાલા લાગે રે વાલમ વેણાં,
વાલમ વેણાં, વાલમ વેણાં
વચનામૃત સાંભળવા મુખના
હાં રે સહું છું રે લોકલડાં નાં મેણાં રે.

ભગવાન સ્વામિનારાયણનાં અષ્ટ કવિ મંડળના સર્વશ્રેષ્ઠ કવિ પ્રેમાનંદ સ્વામી કહે છે કે હે હરિ તમારા મુખેથી વચનામૃત સાંભળવા લોકલાજ મુકી અને લોકનાં મેણાં સહીને પણ તમારી વાણી અમથીની મીઠી મીઠી લાગે છે.

આપણા સ્વામિનારાયણ સંપ્રદાયે ગુજરાતી સાહિત્યમાં ગદ્ય અને પદ્યમાં બન્નેમાં ખૂબ પ્રદાન કર્યું છે. પદ્ય વિભાગમાં મુકતાનંદસ્વામી, પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે એક એક સંતના વ્યક્તિગત દશ-દશ હજાર કીર્તનો રચાયેલા છે. વેદો, ભાગવત, ગીતા વિગેરેનો સાર એમાનું એકલું સત્વ શોધી શોધીને દરિયામાં ઉંડેથી મરજીવા મોતી વીણી લાવે તેમ, સંતો હરિભક્તોનાં જીવન સાર રૂપ ૭૦૦ પ્રશ્નો તથા તેના સરળ ઉત્તરો દ્વારા સગુણ, નિર્ગુણ, અન્વય, વ્યતિરેક, સાંખ્યયોગ, આધ્યાત્મિક ઉંચાઈને વામનજી વિરાટ રૂપ ધારે તેમ સહેલાઈથી સરળતાથી મોક્ષ ભાગી સામાન્ય મુમુક્ષુ સમજી જાય, સમજી શકે તેવા ગદ્ય ગ્રંથ ભગવાન સ્વામિનારાયણની પરાવાણી "વચનામૃત" ગ્રંથની ભેટ ગુજરાતી સાહિત્યને મળી છે, ગુજરાતી સાહિત્યકારોએ પણ "વચનામૃત"ને ગુજરાતી સાહિત્યનો સૌ પ્રથમ ગદ્ય ગ્રંથ ગણ્યો છે.

આપણા પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને વચનામૃત ગ્રંથ ખૂબજ પ્રિય છે. વારંવાર તેઓ વ્યસનથી ટેવાયેલા લોકોને પાન, ગુટખા, જેવા વ્યસન મુકી વચનામૃતના વ્યસની થવાની પ્રેરણા આપતા રહ્યા છે. તેમાં પણ અમદાવાદનું સાતમું વચનામૃત તો તેઓને ખૂબજ પ્રિય અત્યંત વ્હાલું વચનામૃત છે. તેઓએ ઘણીવાર સભામાં આ વચનામૃત વિષે ખૂબજ વાતો કરી છે. વળી તેમની દરેક વાતમાં આ વાત તો વણાયેલી જ આવે છે.

તેમાં પ્રાગજીદવે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછે છે, "તમારે વિષે કિયે પ્રકારે મન સ્થિર થાય ને વ્યભિચાર ને કોઈ કાળે ન પામે તે કહો" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે "ભગવાનનું માહાત્મ્ય જાણવા થકી ભગવાનને વિષે મન સ્થિર થાય છે."

મનનો સ્વભાવ છે જે સારૂં દેખાય ત્યાં જાવ અને ચોંટે જમણવારની થાળી માં જમતા પહેલો હાથ કાંઈ દાળભાત મરચાંમાં ના પડે પુરણપુરી, દુધપાક, રસનો વાટકો જ ઉપડે, કારણ સ્વાદમાં પણ શ્રેષ્ઠ છે અને સત્વથી ભરેલો છે. તેમાંથી શરીરનાં પોષણ માટેની કેલેરી વધારેમાં વધારે મળશે. ગુજરાતનાં પોલીસ કમિશ્નર પાડોશી થાય તોય કહેતાં ફરીએ કે મારાં પાડોશી છે. સબંધ હોય કે ના હોય અને એમાંય ગુજરાતનાં મુખ્ય મંત્રી જોડે સંબંધ થયો હોય તો આપણી આખી ચાલ ફરી જાય, બોલી ફરી જાય. બીક રહે પછી કોઈની ? અને આગળ ભારતનાં વડાપ્રધાન ની જ અંગત ઓળખાણ અરે કંઈક સગપણમાં આવી જાય તો ..... તો તો જમીન પર પગ પડે ખરો..... હવામાં જ ઉડે, શું કારણ તેમની સતાનો સંપૂર્ણ મહિમા સમજાવ્યો છે. આ તો ભગવાનનાં જ દીકરા થવાની વાત છે. આ અમદાવાદનાં ૭માં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે. અંતઃ દ્રષ્ટિ કરી ત્યાં નંદિશ્વર પોઠીયો આવ્યો તે પર બેસી કૈલાસમાં શિવજી પાસે ગયા ત્યાં ગરૂડ આવ્યો તે પર બેસી વૈકુંઠ ને બ્રહ્મધામમાં ગયા ત્યાં ગરૂડ ન ઉડી શક્યો."

ઉપરના શબ્દોમાં શ્રીજી મહારાજ નંદિશ્વર તથા ગરૂડની મર્યાદાનાં દર્શન સ્પષ્ટ કરાવે છે. આગળ હવે ગરૂડ ન ઉડી શક્યો. અર્થાત્ તેની તાકાતનું મહારાજે માપ બતાવ્યું. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ "આપણે સૌ જાણીએ છીએ તેમ બ્રહ્મા સર્જન કરતા, વિષ્ણુ પોષણ કરનાર તથા શિવજી સંહાર કરનાર દેવો છે.

પંચાળાનાં પહેલા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે "અને જેમ શાહુકારે સદાવ્રત ધર્મશાળાદિકમાં સુખ જેવા રાંકને અર્થે રહ્યાં છે. તે કરતાં તો શાહુકાર ના ઘરમાં સુખ કે અતિશય ઉત્તમ હશે તેમ જણાય છે. તેમ એ ભગવાને બ્રહ્માદિકને અર્થે એવા સુખ રચ્યા છે તો પોતાના ધામમાં તો એ કરતા અતિ ઉત્તમ સુખ હશે એમ બુદ્ધિવાળો હોય તેને જાણમાં આવે છે." આ વાતમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અને ભગવાન બંને જુદાં જુદાં અલગ અલગ વ્યક્તિ તથા શાહુકાર અને

રાંકનાં દૃષ્ટાંત દ્વારા બંનેના મોભા, સત્તાની સ્પષ્ટતા કરી છે.

પ્રેમાનંદ સ્વામી "અક્ષરનાં વાસી વાલો આવ્યા અવની પર"નાં ચાર પદમાં ઉપરોક્ત વાત કીર્તનમાં સ્પષ્ટ કરે છે.

મૂળ માયાનાં બંધન કાપવા આવ્યા,
ધામધામનાં વાસી આંહી બોલાવ્યા.
રવિ આગે શશી તારા નભાસે,
મતપંથ તેમ શ્રીહરિ પાસે રાજ.... ધર્મને
વાલે મુને હેતે બોલાવી

(વચનામૃત સારંગપુર-૧, સારંગપુર-૪)

સારંગપુર-૧૧ તથા વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ-૨૪માં શ્રીજી મહારાજ કહે છે કે, "ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી જે મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા જે ભગવાનનાં ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે. ને તે દેવનાં જે વૈભવ છે. તે સર્વે નાશવંત છે." તથા "ભગવાનનાં ધામ આગળ ઈન્દ્રાદિક દેવતાના લોક મોક્ષ ધર્મમાં નર્ક તુલ્ય કહ્યા છે અને માથાભેર પાયખાનામાં પડી ગયા છીએ એમ જાણવું."

આ જ વચનામૃતમાં મહારાજ કહે છે, "અસંખ્ય કૈલાસ, અસંખ્ય ગૌલોકો" (અસંખ્ય પણ જેની ગણતરી જ ન કરી શકાય એવા લાખો કરોડો અબજો કૈલાસ અને ગૌલોક છે) અને એવી બીજી અસંખ્ય કરોડો ભૂમિકાઓ મારા તેજે કરીને તેજોયમાન છે.... એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન સ્થિર થાય ને કોઈ કાળે વ્યભિચાર ને પામે નહિ.

આટલું કહીને મહારાજ અટકતા નથી. આગળ આજે પોતાની શક્તિનું વર્ણન કર્યુ તે શક્તિ સામર્થી પોતાને ભક્તોને દાનમાં આપી દેવાની કહે છે. હું તો આવો છું. તમને બધાને આવા મારા જેવા એકો, અહમ, બહુસ્યામ પ્રજાયેય. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૧માં કરેલી વાત ફરી કરી છે. "એમ સમજશે તેને સર્વેને અંતરયામી જેવા કરીશ અને બ્રહ્માંડોની ઉત્પત્યાદિક કરે એવા સમર્થ કરીશ."

શ્રીજી મહારાજે આપણા સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીને ઉમરેઠમાં દર્શન દઈ આજ્ઞા કરી હતી અમારું સર્વોપરીપણું જાણો છો અને પ્રવર્તાવતા કેમ નથી ? ત્યારે ગોપાળાનંદ સ્વામીએ વાત કરી હતી" અવતાર માત્ર એક પગે ઉભા રહી સ્વામિનારાયણ નામની માળા ફેરવે છે." ગોપાળાનંદ સ્વમીની વાતોમાં શ્રીજીમહારાજનો મહિમા સરસ જોવા મળે છે.

સત્સંગિજીવનનો ગ્રંથ લખવાના સમયે પણ ગ્રંથમાં શ્રીજી મહારાજને કેવા લખવા તે વિવાદ ચાલેલો ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહેલું શ્રીજી મહારાજને અવતાર જેવા ના લખાય, મોરલી ગ્રંથમાં મુકશો નહીં. શ્રીજીએ તો કામ, ક્રોધ, લોભ, કપટનો સંહાર કરી અસુર જેવા જોબનપગી વગેરેનો સંહાર કર્યા વગર જીવનાં પરિવર્તનો કર્યા છે. જ્યારે કંસ, રાવણ કૌરવ વગેરે કામ ક્રોધ લોભથી હણાયેલા જ મરાયેલા જ હતા ! આઠ દિવસ આ વિવાદ ચાલ્યો. મહારાજે સ્વયં નિત્યાનંદ સ્વામીનો વિરોધ કર્યો. બીજા સંતોમાં ભળી જઈ પોતાને બીજા અવતાર જેવા ગણાવ્યા છે. પરંતુ આઠમાં દિવસે પોતાના ગળાનાં બધા જ હાર નિત્યાનંદ સ્વામીને પહેરાવી કહ્યું, "સ્વામી તમે ચિંતા ના કરશો. શાસ્ત્રમાં અમને જેવા લખે ભલે, શાસ્ત્રનું શાસ્ત્રમાં જ રહેશે અને અમે જેવા છીએ તેવા જગતમાં જણાશું."

શિક્ષાપત્રીનાં શ્લોક ૧૦૧ અને ૧૦૨માં શ્રીજી મહારાજે કહ્યું, "કે સર્વે શાસ્ત્રને વિષે (સત્સંગિજીવન, ભક્તચિંતામણી વચનામૃત વેદરસ) જે વચન જે તે શ્રી કૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારનાં અતિ ઉત્કૃષ્ટ પણાને કહેતા હોય તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાનપણે માનવા.

વિવેક વિનાનો મનુષ્ય પણ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ સમાજમાં ગણના ના થાય. જેવો રોગ એવું ઔષધ ડોકટર પણ આપે છે. નાડી જોઈ પછી દવા થાય તો આ તો મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણ સર્વજીવ હિતાવહ હેતુ લઈ પૃથ્વી પર પધાર્યા છે. તો પછી જેવી સભા તેવી જ વાત કરી હોય ને ! જેટલું પચે તેટલું પિરસ્યું.

આધામનાં ધામી ક્યારે ન હતા
પધાર્યા
ઈશ્વરે કોટિ સ્તુતિ કરીને હાર્યા....રાજ.

બાપ દીકરાને સર્વસ્વ તીજોરીની ચાવી સોંપે, પાડોશીને નહિ. પોતે અજબ કળા કરી સૌના કમળ અધોમુખ હતા તે ઉર્ધ્વમુખ કર્યા. કારેલાનાં જેવી કડવી વાતો ગોળમાં વઘારી, વઘારી જમાડતા ગયા. કારેલા જમાડી પાચન શક્તિ પ્રભુજી વધારતા ગયાને સૌ ને પોતાનો સર્વોપરિ નિશ્ચય કરાવ્યો. નિષ્કુળાનંદ સ્વામી લખે છે.

દેશોદેશ રહ્યો જશ છાઈ રે,
પ્રબળ પ્રતાપ પૃથ્વીમાં રે...

રામચંદ્ર ભગવાનને એક લાખ વર્ષ

થયાં, શ્રીકૃષ્ણ ભગવાનને પાંચ હજાર, ઈસુ ખ્રિસ્તને બે હજાર છ, મહાવીર સ્વામીને પચ્ચીસો વર્ષ, મહંમદ પયગંબરને ચૌદસો વર્ષ અને શ્રીજી મહારાજને બસો પચ્ચીસ વર્ષ થયાં. પરંતુ બસો વર્ષમાં તો આજે દુનિયાના બાવન દેશોમાં સ્વામિનારાયણ ભગવાનનાં મંદિરો થઈ ગયા.

મનુષ્ય પશુધર્મ પાળતાં
તે શુદ્ધ કર્યા નરનાર.
શત અશત ઓળખાવીયું
સમજાવ્યું સાર અસાર.

અમેરિકામાં આજે દારૂ, માટી વ્યાભિચારનો ત્યાગ કરી તિલક ચાંલ્લો કરી પવિત્ર જીવન જીવતા અને શ્રીહરિના આશ્રિત થયેલા આપણા હરિભક્તો બીજાને પ્રેરણા આપે છે.

મહારાજે સૌને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન પોતામાં કરાવ્યા. પર્વતભાઈને ચોવીસ અવતાર પોતામાંથી પ્રગટ કરી પોતામાં સમાવ્યા. તેવા દર્શન કરાવ્યા. યમ, નિયમ, આસનપ્રત્યાહાર પ્રાણાયમ, ધારણા ધ્યાન, સમાધિ સભામાં એક કલાક પલાંઠી વાળી ના બેસી શકાય તો આ આઠ યમ, નિયમ આસન આહારમાં સજા માણતા વળી, ત્યાગને પ્રાણાયમથી તો આપણને ઘણી ઘણી તકલીફો બી.પી. ડાયાબીટીસ, મેદ, શરીરના અનેક રોગો પ્રાણાયમથી મટે છે. સંતો હજારો વાર કહે છે કરવાની આળસ ક્યાં સમાય ? પણ સમાધિ સુલભ કરાવી દીધી. નિશ્ચય રૂપી ધ્યાન દૃઢ કરાવ્યું. ગમે ત્યાં જાઓ સ્વામિનારાયણ મારા છે. આ તો ભૂલાતું જ નથી. દેહના સગા કરતાં ભગવાનનાં ભક્તો સંતો જીવ કરતાં વ્હાલા થઈ ગયા. આપણને ખબર ન પડી અને જીવમાં સ્વામિનારાયણ બેસી ગયા. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ નવમાં શ્રીહરિ કહે છે "જ્ઞાન માર્ગ એવો સમજવો જે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ. સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રનાં વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મુકશે ત્યારે કાં તો બ્રહ્માનાં લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાનાં લોકમાં (કૈલાસ, વૈકુંઠ, ગૌલોકમાં જશે) પણ તે પુરૂષોત્તમ ભગવાનનાં ધામને વિષે નહીં જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યુ જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણેને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય."

આની આજ વાત જેમ 'યહી ચનેકી રોટી. યહી ચને કી દાલ' જુદાં જુદાં રૂપે જુદાં-જુદાં સ્વાદમાં રોટલી ભાખરી પૂરણપોળી પૂરી શક્કરપારા બનાવી આપણને ઘરમાં પીરસવામાં આવે છે. તેમ આ વાત પર જ ભાર મુકતાં પોતે પોતાના મુક્તો અને પોતાના ભક્તો બધાં જ કરતા જુદા અલગ સમર્થ વધારે યોગ્ય કહેવા સમ ખાય છે ને મહારાજનાં શબ્દોથી જ પૂર્ણ વિરામ પામી આ પિયુષ કેરીનો રસ આ સિઝનમાં એવો આરોગીએ કે અખંડ તેમના સ્વરૂપમા સ્વાદનો ઓડકાર આવ્યા કરે. જેવી શ્વેતદિપમાં સભા છે ને જેવી વૈકુંઠ ગોલોક ને વિષે સભા છે. જેવી બદ્રિકાશ્રમને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગી સભા ને આધિકજાણું છું અને સર્વ હરિભક્તો ને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર મિથ્યા કહેતા હોઈએ તો આ સંત સભાના સમ છે. ગઢડા છેલ્લાનું બીજું વચનામૃત, વળી ગઢડા છેલ્લા ૨૧માં વચનામૃતમાં "તે જેવા શ્વેતદ્વીપ વૈકુંઠ ગૌલોકને વિષે ભગવાનનાં પાર્ષદ છે, તે થકી અધિક આ સત્સંગીને ન જાણતા હોઈએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તનાં સમ છે.

શ્રીજી મહારાજે પોતાના વ્હાલા ભક્તોના સમ ખાઈને પણ આ વાત સમજાવી છે. છેલ્લે વચનામૃતમાં (અમદાવાદનું ૭મું)માં મહારાજ કહે છે." ને જે જે જીવ મારે શરણે આવ્યા છે ને એમ સમજશે તેને સર્વને હું સર્વોપરિ એવું જે મારું ધામ તેને પમાડીશ અને તે સર્વેને અંતર્યામી જેવા કરીશ ને બ્રહ્માંડની ઉત્પત્યાદિકને કરે એવા સમર્થ કરીશ. પણ પછી સામર્થી પામીને એમ જાણે જે હું જ મોટો છું એમ ઋષિરૂપ એવા જે પ્રત્યક્ષ શ્રી નરનારાયણદેવ તેને ગણવા જ નહિ એવો અહંકાર આવવા દેવો નહિ ને એમ જાણવું જે શ્રી નરનારાયણની કરૂણાએ કરીને હું મોટપ પામ્યો છું."

જાણવા જેવું

(૧) સમગ્ર ભારતમાં 'બી' નેગેટીવ ગૃપના ડૉ. જયેન્દ્રભાઈ દવે (ચામડીના રોગના નિષ્ણાંત) ૧૦૨ વખત રકતદાન કરેલ છે. ઈન્ડિયામાં જેઓ પ્રથમ રક્તદાતા છે.

(૨) ડૉ. ગુણવંતભાઈ જે. પટેલ (ઓર્થોપેડીક સર્જન મહેસાણા) ૧૪૪ વખત રક્તદાન કરેલ છે.

(૩) શ્રી રમેશભાઈ એન. ઠક્કર (હેન્ડીકેપ) ૫૧ વખત રક્તદાન કરેલ છે.

(૪) સૂર્યકાંતભાઈ નાયક (જેઓ રેડકોર્સના આસિ. ડાયરેકટર અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્ય છે). ૭૭ વખત રક્તદાન કરેલ છે.

(૫) બાબુભાઈ જે. પટેલ (સામાજીક કાર્યકર અને યુવક મંડળના સભ્ય છે) ૭૬ વખત રક્તદાન કર્યું છે. ૨૦૦૫-૦૬માં રીલીજીયસ તરીકે રક્તદાતા તરીકે આપણા શ્રીસ્વામિનારાયણ મંદિરને ગર્વનરશ્રી નવલ કિશોર શર્માના હસ્તે એવોર્ડ મળેલ છે. ૨૦૦૨ થી રેડકોર્સ અને પ્રથમાના સળંગ એવોર્ડ આપણા મંદિરને મળ્યા છે.

(ડૉ. રમેશભાઈ પરીખ)

ZEE-T.V. (ગુજરાતી) પર પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની મુલાકાતે મુમુક્ષુ જનોના અંતરમાં અજવાળાં પાથર્યા

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

બહુજન હિતાર્થે દૂરદર્શન, સાહિત્યક્ષેત્ર, રાજકિય ક્ષેત્ર, આર્થિક ક્ષેત્ર તથા ધાર્મિક ક્ષેત્ર આદિના મહાનુભાવોની મુલાકાતો લે છે. તાજેતરમાં આપણા સૌના લાડીલા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નયન રમ્ય મુલાકાત ઈ-ટી.વી. પર રજુ થવા પામી. જે દેશ અને દુનિયાના અસંખ્યાત લોકોએ માણી. પૂજ્ય મહારાજશ્રી તો શ્રીજી મહારાજનું અપર સ્વરૂપ છે. જે સત્સંગીજનો, હરિભક્તો તો જાણે જ છે. કિન્તુ આ મુલાકાતથી સામાન્ય જન સમાજ પણ જ્ઞાત થયો છે. એટલું જ નહિ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના અગાધ આધ્યાત્મિક જ્ઞાનના જનતા જનાર્દનને દર્શન થવા પામ્યા છે.

મારી સ્મૃતિમાં કેટલીક વિગતો આ મુલાકાતની રહેલી છે તે અત્રે રજુ કરવાની હિંમત કરું છું. છતાં ક્ષતિઓ રહેવા પામી હોય તો ક્ષમા પણ માગું છું. મુલાકાત લેનારે પૂજ્ય મહારાજશ્રીને વૈવિધ્ય સભર પ્રશ્નો પૂછ્યા. તમામ પ્રશ્નોના પ્રત્યુતરો તેઓશ્રીએ અત્યંત સહજતાથી આપ્યા. એટલું જ નહિં સ્વજીવનની નિખાલસતા, વાણીમાં ધીર ગંભીરતા, અવાજનું માધુર્ય, સમગ્ર સંપ્રદાયના આચાર્ય તરીકેની ગરિમા લોકોના હૃદયને સ્પર્શી ગઈ.

'સ્વામિનારાયણ' શબ્દમાં કોઈ હયસ્વ મિ કરે છે તો કોઈ દિર્ઘ મી કરે છે. આવા પ્રશ્નોના સંતોષકારક પ્રત્યુત્તર મહારાજશ્રી જ આપી શકે. કેટલાક સમયથી આવું હયસ્વ, દિર્ઘ લખાતું આવે છે. કિન્તુ હયસ્વ ઈ અર્થાત્ "સ્વામિ" એ નારાયણની આગળ વિશેષ રૂપે ઉપયોગમાં લેવાયેલો શબ્દ છે. આપણે ત્યાં લક્ષ્મીનારાયણ, વિષ્ણુનારાયણ, સૂર્યનારાયણ, આદિ છે. એ સૌ નારાયણોના પણ સ્વામિ એટલે સ્વામિનારાયણ એજ મુખ્ય ભાવાર્થ છે. વાસ્તવમાં પૂજ્ય મહારાજશ્રીએ શ્રીજી મહારાજના સર્વ અવતારના અવતારી, સર્વના નિયંતા, સર્વ સુખના નિધિ, સર્વકારણના કારણની સમજણ એક જ વાક્યમાં આપી દીધી. જ્યાં દીર્ઘ "ઈ" વપરાય છે. ત્યાં સ્વામી+નારાયણ આમ નારાયણ સાથે સ્વામીને જોડવામાં આવ્યા છે.

મુલાકાત લેનારે પૂ. મહારાજશ્રીને પૂછયું કે ધર્મ એટલે શું ? તેઓશ્રીએ સત્વરે જણાવ્યું કે સદાચાર એજ ધર્મ છે એવું શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીમાં પ્રતિપાદન કર્યું છે. એવું પણ પૂછવામાં આવ્યું કે તમે શાળા કોલેજમાં અભ્યાસ કરવા જતા ત્યારે સંપ્રદાયના વડાના પુત્ર તરીકેના મોભા સાથે અર્થાત્ કોઈ સેવક સાથે રાખીને જતા ? ત્યારે પૂજ્ય મહારાજશ્રી કહે કે મારા પિતાશ્રી, જેમ સામાન્ય વર્ગ પરિવારનો પુત્ર શાળા કોલેજમાં જાય તેમજ મને મોકલતા. આપણા માટે તો આ બાબત સાદગી અને વિનમ્રતાનું મહાન દૃષ્ટાંત છે. વિશેષમાં ઈન્ટર્વ્યુ લેનારે પૂછ્યું કે આપના પિતાશ્રી સહજાનંદ સ્વામીનું મ્યુઝિયમ બનાવી રહ્યા છે તેમ તમારી ઈચ્છા કોઈ સંસ્થા સ્થાપવાની ખરી ? પ્રત્યુત્તરમાં પૂ. મહારાજે કહ્યું કે આપણા સમાજમાં જે અંધ-અપંગ કે વિકલાંગો છે તેઓના શ્રેયાર્થે સંસ્થા ઉભી કરવા ઈચ્છું છું. પરંતુ એ પણ કોઈ પ્રકારની ખ્યાતિ મેળવવા માટે મારા પૂ. પિતાશ્રીએ પણ નથી કર્યું અને મારે પણ ખ્યાતિ માટે નથી કરવું. માનવ ધર્મ બજાવવો છે.

આપે સેન્ટઝેવિયર્સમાં અભ્યાસ કર્યો તે કોઈ હરકતરૂપ નથી બન્યો ? પૂજ્ય મહારાજે સુંદર પ્રત્યુત્તર પાઠવતાં વર્ણવ્યુ કે આ સંસ્થામાં અભ્યાસ કરવાથી વાસ્તવમાં સમભાવ કેળવાયો છે. આજે પણ ખ્રિસ્તી ધર્મના વડા, મુસ્લિમ ધર્મના વડા, પારસી ધર્મના વડા અમારે ત્યાં પધારે છે. આ પર ધર્મ સહિષ્ણુતાનું ઉદાહરણ છે. પૂજ્ય મહારાજશ્રીએ શોખ વિષે તેઓને પ્રત્યુત્તરમાં જણાવ્યું કે પૂજ્ય પિતાશ્રીને અને મને પંણ શાસ્ત્રીય સંગીત સાંભળવું ગમે છે. પંડિત જસરાજને સાંભળવા ગમે છે.

એકાદ માસ આરામ કરવા મળે તો તમો શું કરો ? આવા પ્રશ્નના ઉત્તરમાં પૂજ્ય મહારાજશ્રીએ નમ્રતાથી જણાવ્યું કે મારા પરિવારમાં મારે એક પુત્ર છે

અને એક પુત્રી છે. હું થોડો સમય તેઓની સાથે વિતાવું.


વાસ્તવિકતા આપણે સૌ નિહાળીએ છીએ કે પૂજ્ય મહારાજશ્રીનો દૈનિક કાર્યક્રમ પ્રતિદિન અનેકવિધ કાર્યક્રમોથી સભર હોય છે. હરિભક્તોને ઘેર ફેકટરી કે દુકાનો આદિમાં પધરામણી શહેરોમાં તથા ગામડાઓમાં હોય છે જ, ઉપરાંત શહેરો કે ગામડાઓમાં ઉત્સવ સમૈયાઓમાં ઉપસ્થિત રહેવું. વિદેશોમાં પણ હરિભક્તોના નિમંત્રણોને માન આપી ઉત્સવ-સમૈયાઓમાં ઉપસ્થિત થવું. અન્ય સામાજીક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓની સભામાં અતિથિ વિશેષ પદે, અધ્યક્ષપદે નિમંત્રે તો તેમને માન આપવું, સંસ્કાર શિબિર, રક્તદાન શિબિર, યુવક મંડળના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી લોકોને પ્રોત્સાહિત કરવા આમ પોતાના પરિવાર જનો માટે મહારાજશ્રી અલ્પ સમયજ ફાળવી શકે છે. આપણા "શ્રી સ્વામિનારાયણ" માસિકમાં પ્રથમ પાને આચાર્ય મહારાજશ્રીની આગલા માસની પધરામણી આદિ વિગતો વાંચીએ તો તેઓશ્રી કેટલા બધા વ્યસ્ત રહે છે તે ખ્યાલ આવે. ઉપરાંત તેમનું માર્ગદર્શન મેળવવા, સમય મેળવવા મોબાઈલ આવ્યા કરે તે તો વધારામાં કહેવાય.

પોતાના પિતાશ્રી પ.પૂ.ધ.ધુ. પૂર્વાચાર્ય શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી વિષે તેઓશ્રીએ વર્ણવ્યુ કે "મારી ઉન્નતિમાં મારા ઘડતરમાં મારા પિતાશ્રીનો ખૂબજ મહત્વનો ફાળો છે. આજે પણ તેઓશ્રીની સલાહ સૂચનો મેળવવા હું સમય ફાળવું છું." પૂ. મહારાજશ્રીની આ વાત પરથી તેઓશ્રીનો પિતાશ્રી તરફનો આદરભાવ, અતૂટ સ્નેહ તથા વાત્સલ્ય અને પૂજ્ય ભાવના દર્શન થાય છે. આજે જ્યારે વર્તમાન સમયમાં પિતા તરફના સ્નેહ આદર ઓસરતા જાય છે ત્યારે આપણા આ મહાન વિશાળ સંપ્રદાયની ધર્મધુરા સંભાળી રહેલા આપણા લાડીલા આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સુમધુર પરાવાણી મોક્ષભાગી બનવા સાત્વિક, સદાચારી જીવન વ્યતિત કરવાની ઉત્તમ શીખ આપી જાય છે. ત્યારે તેમના પુનિત ચરણોમાં વિનમ્ર ભાવે મારૂં શીશ નમી જાય છે.


"શ્રી સ્વામિનારાયણ" સામયિક ! સદુપદેશનું અમોઘ સાધન

'શ્રી સ્વામિનારાયણ' સામયિક !
તારો કેવો છે પ્રખર પ્રભાવ ?
તુજ વાચનથી હું જીવન જીવતાં શીખ્યો,
હું હતો દાનવ, માનવ તેં બનાવ્યો.
કરુણા-પરાભક્તિ-પ્રેમ-પરોપકારનો,
મને તેં પાઠ શીખવ્યો.
હતાશ બનેલા આ હૈયામાં,
પ્રભુપ્રેમનાં ફૂલ તેં ખીલવ્યાં.
કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરને,
મુજ મનથી દૂર તેં કર્યા.
હવે ભૌતિક સુખની એષણા નથી,
ભક્તિ-સુધારસ તેં પિવડાવ્યો.
હવે શાને રાખું જન્મ-મરણનો ભય,
શિક્ષાપત્રીનો અર્થ તેં સમજાવ્યો.
'સર્વજીવ હિતાવહ'ને કાજ,
એવો દીપ દિલમાં તેં પ્રગટાવ્યો.
આચાર્યવાણીના અમૃતે અંદર,
આત્મસુખનો દરિયો છલકાવ્યો.
'શ્રી સ્વામિનારાયણ' સામયિક !
કેવી રીતે માનું હું આભાર તારો ?
જે જે ઘરમાં તુજનું આગમન,
એમને હર્ષવિભોર તેં બનાવ્યાં.
દેશ-વિદેશમાં જીવનની રીત તેં શીખવી,
અમે સૌ હતા દાનવ, માનવ તેં બનાવ્યાં.

- મહાદેવ ધોરિયાણી (ઘનશ્યામ)



જરા હસતાં રમતા જીવો



- સાધુ જયકૃષ્ણદાસ ગુરુ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી

"જરા હસતા રમતા જીવો, જગત
બદલાઈ જશે,
શિરે ભાર લઈ ફરશો તો જીવન
કરમાઈ જશે."

હાસ્ય એ માનવને ઈશ્વર પાસેથી મળેલી અનુપમ બક્ષિસ છે. વાણી અને બુદ્ધિની માફક હાસ્ય પણ પ્રાણી માત્રથી માનવને અલગ તારવનાર તેની એક આગવી વિશેષતા છે. માનવ જેમ બુદ્ધિમાન અને સામાજિક પ્રાણી છે. તેમ તે હસમુખુ પ્રાણી છે એવી રીતે પણ જો માનવીની એક વ્યાખ્યા બાંધીએ તો તે અસ્થાને ન ગણાય.

"હસે તેની સાથે હસે છે દુનિયા,
રડે તેને રસ્તે મુકી દે છે દુનિયા."

જીવન જો સંગ્રામ હોય તો તેમાં લડવુ એ જ શૌર્ય ગણાય અને નહી કે ભાગી જવું ! પલાયનવાદી મનોવૃત્તિ માનવને નકામો બનાવી દે છે. ધર્મ આપણને જીવનનું ગાંભીર્ય સમજાવે છે. તો હાસ્ય જીવનની હળવી બાજુ આપણી સામે રજુ કરે છે. ધર્મમા મનોમંથન છે. તો હાસ્યમાં મનોરંજન છે. જીવનમાં બન્નેની જરૂરીયાત છે. "મનોમંથન વિના સાચું મનોરંજન નથી હોતુ ! જીવનમાં બનતી ગંભીર ઘટનાઓને હળવાશથી રજુ કરી માનવના નિરસ જીવનને સરસ તેમજ આહ્લાદાયક બનાવવુ એ હાસ્યનો ધર્મ છે. જીવનનો અર્થ સમજાવે છે, જ્યારે હાસ્ય માનવને જીવન માણતા શીખવાડે છે.

"સત્તા પાસે સત્ય જતું નથી". આ અગવડને દૂર કરવા આપણી સંસ્કૃતિ એ સુંદર માર્ગ શોધી કાઢયો. ઋષિસત્તાને રાજસત્તા કરવા મહત્વનું સ્થાન આપ્યુ હતું. ધર્મદંડ રાજદંડ કરતા મોટો ગણાતો. ઋષિ રાજાનો કાન પકડી શકતો તેમજ તેને કટુ સત્ય પણ કહી શકતો. પ્રાચીન પરંપરામાં પ્રત્યેક રાજાની જોડે તેના મિત્ર જેવો એક વિદૂષક રહેતો. હસતા રમતા તે રાજાને સત્ય સમજાવી દેતો. મૂર્ખતાનો તે સ્વાંગ સજતો, પરંતુ હકીકતમાં તે વિદ્વાન રહેતો.

એક રાજાએ એક પોપટ પાળ્યો એ પોપટ જોડે રાજાનું એવું મનબંધન થયું કે તેની અનુપસ્થિતિમાં તે બેચેન બની જતો. પોપટ પરના અતિ પ્રેમને લીધે તેણે એવું જાહેર કર્યું કે, "જે કોઈ મને પોપટના મૃત્યુના સમાચાર આપશે તેનું માથું ધડથી જૂદું થઈ જશે." નિસર્ગના નિયમ પ્રમાણે એક દિવસ પોપટનું મૃત્યુ થયું. હવે આ સમાચાર રાજાને આપે કોણ ? આખરે વિદૂષકે એ બિડું ઝડપ્યુ. તેણે રાજા પાસે જઈને કહ્યું, "રાજા સાહેબ ! આપણા પોપટે તો આજે કમાલ કરી છે ! તે ઊંધો પડી ગયો છે ! તેનું મોંઢુ ખુલી ગયું છે ! આંખો ફાટી ગઈ છે !" રાજાએ કહ્યું, "એનો અર્થ તો એ થયો કે પોપટ મરી ગયો છે." વિદૂષકે કહ્યું, "એ તો આપશ્રી કહી શકો. મારાથી એમ કેમ કહેવાય !" આ રીતે મોટું અનિષ્ટ થતું અટકાવીને વિદૂષકે હાસ્યના સહારે સત્તા પાસે સત્ય પહોંચાડી દીધુ.

એટલા માટે જીવનમાં હસતા શીખો હીરામોતી કે સોનાચાંદીના ઘરેણા તો કેવળ શ્રીમંતોને પરવડે. પરંતુ હાસ્ય એક એવું ઘરેણું છે જેને શ્રીમંત, ગરીબ સૌ કોઈ ધારણ કરી શકે છે. એટલું જ નહીં પણ એના અભાવે બીજા ઘરેણા પણ ફીકા લાગે છે.

"હસવાથી હળવાશ રહે છે,
રડવાથી ગમગીની વધે છે.
ખુદ હસો ને સકલને હસાવો,
જગત બદલાઈ જશે."

દુઃખની આગ પર બેસીને જે સુખનો રાગ છેડી શકે તેજ માનવ માનવ વચ્ચે અનુરાગ પ્રગટાવી શકે, તેમજ સમગ્ર વિશ્વબાગને મહેકાવી શકે !

"હસતું મુખં તો સૌને ગમે છે,
ઈશતનુ મન એમાં રમે છે.
સ્મિત સાચું મુખે પ્રગટાવો,
જગત બદલાઈ જશે."

સત્સંગ સૂરભિ :

સુખી તો હતાં, હવે વધારે સુખિયા થયા !

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

નેનપુર કરીને એક ગામ. ત્યાં દેવજી પટેલ એમના પત્ની અને પુત્ર સાથે રહે. ત્રણેય મહારાજની ભક્તિ કરે. અને ભક્તિ પણ પાછી સોળવાલના સોના જેવી. મહારાજ વિષેની મમતામાં લગીરે બીજો ભેગ ભળે નહિ.

દીકરો મોટો થયો એટલે એને માટે કન્યાનાં માગાં આવવા લાગ્યા. પણ દેવજી ભક્તનું મન માને નહિ. દીકરો પણ કહે : "મારું મન સંસારમાં રુચતું નથી." એવામાં અચાનક દીકરો અવસાન પામ્યો.

એકનો એક જુવાન જોધ દીકરો ! પણ દેવજી અને એમનાં પત્નીના હૃદયમાં સંસારની કામનાને વિષે જરાય આસક્તિ નહીં ! દીકરો ગુજરી ગયો તો દેવજી ભગત કહે : "ભગવાને એને બોલાવી લીધો તો જેને ભગવાને બોલાવી લીધો એનો શોક કેમ થાય ?" દીકરાની મા કહે : "અમારો દીકરો તો ભગવાનના ધામમાં ગયો !"

તો પછી શું કરવું ? જુવાન દીકરો ફાટી પડ્યો જાણી લોકો ઘેર આવશે ને રોક્કળ કરશે તેનું શું ? મને કહેશે તું યે ભેગો રોવા બેસ !"

દેવજી કહે, "તો હું જાઉં ખેતરે, ત્યાં જ રહું ! અને તું જા ગઢડે મહારાજનાં દર્શન કરવા. મહારાજના અને સંતો માટે ઘી ગાડવામાં ભરી રાખ્યું છે તે લેતી જજે."

પછી દેવજી ભક્ત ગયા ખેતરે ને ત્યાં જ રહ્યાં. દેવજીની પત્ની ઘીનો ગાડવો માથા ઉપર લઈ ગઢડે ગઈ. મહારાજ તે વખતે જમતા હતા. એટલે બાઈએ ઘડો તેમની સામે મૂક્યો ને કહ્યું, "મહારાજ, આપના ભગતે ઘણા માનથી 'જે સ્વામિનારાયણ' કહાવ્યા છે."

મહારાજ તો બાઈને ઓળખી ગયા. જેનો એકનો એક જુવાન દીકરો ધામમાં ગયો છે. એના મુખ ઉપર શોકની એક નાની સરખી લકીર પણ નથી. બાઈ તો બસ મહારાજનાં દર્શન થયાં તે એમની મનોહર મૂર્તિને એકીટશે અંતરમાં ઉતારતી જતી હતી !

મહારાજે ધ્યાનભંગ કરવા પૂછ્યું : "પટેલ સુખમાં તો છે ને ? શું કરે છે ?"

જવાબમાં બાઈ બોલી : "સુખી તો હતા ને હવે વધારે સુખિયા થયા છીએ !"

મહારાજ કહે, "એ કેવી રીતે ? જરા વાત તો કરો."

મહારાજની આ શૈલી અજબની હતી. વ્યક્તિ પોતાની વાત પોતે જ બધાને કરે તો વાતનું વજન પણ પડે અને એ વાતના મર્મમાંથી ધર્મનું જ્ઞાન આપવા માટે તો મહારાજ આવડો મોટો દાખડો કરી રહ્યા હતા !

બાઈએ વિસ્તારપૂર્વક પોતાની સઘળી વાત કરી. "મહારાજ, તમારા ભક્તને એક દીકરો હતો, પૂરો જુવાન - એટલે એને લીધે ભગતને થોડી ચિંતા રહેતી હતી કે સંસાર વળગશે કે શું ? પરંતુ હવે આપે એ દીકરાને ધામમાં તેડાવી લીધો એટલે પટેલ સુખિયા થઈ ગયા ! પહેલાં એમને ભગવાનનું ભજન કરવામાં જરીક નડતર હતું, હવે તો કોઈ નડતર રહ્યું નહિ ! એટલે જ કહું છું કે **સુખી તો હતા ને હવે વધારે સુખિયા થયા !**

બાઈની વાત સાંભળી મહારાજ પ્રસન્ન થયા. પાંચુબાની પાંચ વરસની દીકરી હીરૂબા થોડા વખત પહેલાં મૃત્યુ પામેલી. તેનો ઘરની સ્ત્રીઓ શોક કરતી હતી. એટલે એ બધી સ્ત્રીઓ તથા હાજર રહેલા સૌ સંતો-હરિભક્તોની સામે જોઈ મહારાજે કહ્યું "આ ભગતની સમજણ તો જુઓ ! એકનો એક જુવાન દીકરો ધામમાં ગયો તો રાજી થયા ને અહીં પાંચ વરસના હીરૂબા ધામમાં ગયાં તે દરબારમાંથી શોક મટતો નથી ને એ શોકમાં અમારો થાળ પણ બંધ થઈ ગયો છે !"

આમ કહી મહારાજે ગાડવામાંથી થોડું ઘી લીધું ને રોટલા ઉપર લગાડ્યું ને પોતે જમ્યા તથા તેની પ્રસાદી મુક્તાનંદ સ્વામી તથા બીજા જે ત્યાં હતા તે સૌને આપી.

ઘીનો પ્રસાદ આજે મારા સ્વામીએ લીધો એ જોઈ બાઈની આંખમાંથી હરખનાં આંસુ સરી પડ્યાં. દીકરાના મૃત્યુનો તો 'ખરખરો' હતો જ નહિ. પણ મહારાજે અમને દર્શન દઈને અને પ્રસાદી આપીને ખરેખરા સુખિયા કર્યા એ વાતનો આનંદ અંતરમાં છવાઈ રહ્યો.

સત્સંગ ભાવવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

કીડીને કણ હાથીને મણ

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

ભગવાનનું એક નામ છે વિશ્વંભર. વિશ્વ એ ભગવાનનું સર્જન છે. એમાં કીડીથી લઈને હાથી સુધી અસંખ્ય જીવો છે. અને એ બધાજ જીવોનું પોષણ ભગવાન કરે છે. ભગવાન જ પાલનહાર છે. જો ભગવાનની ઈચ્છા ન હોય તો માણસ પાસે ભોજનનો ઢગલો પડ્યો હોય છતાં જમી શકતો નથી. અને જો ભગવાનની ઈચ્છા હોય તો પાસે કાંઈ જ ન હોય છતાં ગમે ત્યાંથી લાવીને જમાડે છે. વાત એમ છે કે એક રાજાને ક્યાંયથી મગજમાં અભિમાન ભરાઈ ગયું. એને એમ થઈ ગયું કે હું રાજા છું. હું આ દેશનો માલિક છું. મારા લીધે જ બધી પ્રજા સુખી છે. સૌને હું જ ખાવા-પીવા આપું છું. હું પાલક છું, હું પોષક છું, હુંજ વિશ્વંભર છું.

ખરેખર વિશ્વંભર તો પરમાત્મા છે. જીવ-પ્રાણી માત્રનું એ પોષણ કરે છે. પણ રાજાને કોણ કહે ? રાજાની આજુબાજુ થોડા એવા માણસો હતા કે જેણે રાજાની માન્યતાને ટેકો આપ્યો. પરિણામે રાજાનું અભિમાન ઓર વધી ગયું.

એના શહેરમાં એક મહાત્મા આવ્યા. પ્રવચનો આપવા લાગ્યા. જોગાનું જોગ એવું બન્યું કે એક દિવસ રાજા પ્રવચન સાંભળવા આવ્યા. મહાત્માજી તો બોલતા હતા કે હે ભક્તજનો ! પ્રભુ ભજન કરજો. આપણો જન્મદાતા જીવન દાતા અને પોષણદાતા એક પરમાત્મા જ છે. જો એ પ્રભુને ભૂલીએ તો કૃતઘ્ની કહેવાઈએ. મહાત્માજી તો આગળ વધ્યા. અને કહેવા લાગ્યા કે આ સંસારમાં ઘણા એવા મૂર્ખ અને અજ્ઞાની હોય છે કે જેઓ એમ માનતા હોય છે કે મારા કુટુંબનું પોષણ હું કરૂ છું. અમુકને હું પુરૂં પાડું છું. અરેરે અજ્ઞાની ! તારા જીવનની લગામ પણ તારે હાથ નથી તો બીજું શું કરી શકવાનો !

આ સાંભળી અભિમાની રાજા રીસ ચઢાવીને બોલ્યો અરે સાધુ ! તમે શું જાણો ? હું બધાનો પાલક છું, પોષક છું અને વિશ્વંભર પણ હું પોતે જ છું. રાજાની સાથે આવેલા હાજી હા ઓએ ટેકો આપ્યો કે સાચી જ વાત છે. રાજા સાહેબ જ સર્વસ્વ છે.

પણ મહાત્માજી તો છેડાઈ પડ્યા કે રાજા, મૂર્ખ ન થઈશ. મૂર્ખાઓની પ્રશંસામાં ન પડીશ શું ? તારા રાજ્યમાં કાગડા, કૂતરાં, ચકલાં, ગાયો, બકરીઓ વગેરેનું તું પોષણ કરે છે ? રાજા કહે હા, હા, હું જ પોષણ કરું છું. મહાત્માજી કહે તો પછી મને બતાવ તારા રાજ્યમાં કાગડા કેટલા છે ? ચકલાં કેટલા છે ? પશુઓ કેટલા છે ? રાજા કહે એ તો મને ખબર નથી.

અરેરે.... જ્યારે તને સંખ્યાની ખબર નથી તો એ બધાં ને કેટલું અને કેવી રીતે સીધું પહોંચાડે છે ?

રાજા તો ગભરાયો. મહાત્માજી તો આગળ વધ્યા. તારા રાજ્યમાં કીડીઓ કેટલી છે ? તેનું પોષણ તું કેવી રીતે કરે છે ? આ પ્રશ્ન સાંભળીને રાજા ખીજાયો તો પછી તમારો ભગવાન કીડીઓને કેવી રીતે પોષે છે તે મને બતાવો. મહાત્માજી કહે કરો પરીક્ષા ? વાત વધી પડી. પતરાંની મજબૂત ડબ્બી મંગાવાઈ. બધાંના દેખતાં એક કીડી ઉપાડીને રાજાએ પોતાના હાથી ખાલી ડબ્બીમાં પુરી દીધી. અને ડબ્બીનું ઢાંકણ બંધ કરીને પોતાના ખીસ્સામાં મૂકતા બોલ્યો. જુઓ મહાત્માજી ! આ ડબ્બીમાં કીડી છે. હું જોઉં છું તમારો ભગવાન એ કીડીને કેવી રીતે સીધું પહોંચાડે છે. આવતી કાલે આ સભામાં સૌની વચ્ચે હું ડબ્બી ખોલીશ. જો કીડી ભૂખી મરી ગઈ હશે તો તમને દેશ નિકાલની સજા કરીશ.

મહાત્માજીને ભરોંસો હતો પણ પ્રભુ શું કરશે ? તે ખ્યાલ નહોતો. બીજા દિવસે સભામાં રાજા આવ્યો. આજે તો સભામાં માણસો માતાં ન હોતા. બધાના દેખતાં રાજાએ ડબ્બી ખોલી તો એમાં પુરાયેલી કીડી ચોખાનો દાણો ખાતી હતી.

કીડીને બંધ કરતી વખતે રાજાના તિલકમાંથી ચોખાનો દાણો ડબ્બીમાં પડી ગયેલો. પ્રભુએ એ રીતે કીડીને સીધું પહોંચાડ્યું.

રાજાનું અભિમાન ઉતરી ગયું. એ ભક્ત બન્યો અને માનતો થયો કે વિશ્વંભર તો એક ભગવાન જ છે. "કીડીને કણ હાથીને મણ, ચાર પગાને ચાર જોને..." બધાને જીવાડનાર તો એક નારાયણજ છે. માનવીનું અભિમાન વ્યર્થ છે.

મિત્રો ! વાર્તા વાંચીને ? માટે જ તો દેવાનંદ સ્વામી કહે છે કે - "દેવાનંદ કહે દેવ ભરોંસે મગન થઈને મ્હાલો જોને." સ્વામિનારાયણ ભગવાન ઉપર જેને ભરોંસો છે તેના માટે સ્વામિનારાયણ ભગવાને પોતાના ગુરુ પાસે વરદાન માગી લીધાં છે કે અમારો આશ્રિત અન્ન વસ્ત્રથી દુઃખી ન થાય. કોઈને પ્રારબ્ધ થી દુઃખ આવવાનું હોય એ અમને આવે અને અમારો ભક્ત સુખી થાય. એ રીતે પોતાના આશ્રિતોની અન્ન વસ્ત્રની ચિંતા સ્વામિનારાયણ ભગવાન કરે છે. માટે મિત્રો ! પુરૂષાર્થ આપણો + ભગવાનની કૃપા = અન્ન વસ્ત્રનો જયજયકાર."

●

એક ઘડી આધી ઘડી

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

વેકેશનની રાજાઓમાં ફરવાની મજા, રમવાની મજા, જમવાની મજા અને ભણવાની ચિંતા નહિ. ચિન્ટુ અને પિન્ટુ બન્ને મિત્રો દરરોજ સાથે રમવા જાય, ફરવા જાય, સવાર પડતાં ભેળા થઈ જાય. અને પ્લાન બનાવે કે આજે ક્યાં જવું. ક્રમ પ્રમાણે બંને મિત્રો ભેળા થયા. ચિન્ટુ કહે છે પિન્ટુ આજે તો આપણે ફરવા નથી જવું. આજે તો સત્સંગ સભામાં જઈએ. પિન્ટુ કહે છે. સત્સંગ સભામાં મારે નથી આવવું. કેમ ? હવે સત્સંગમાં શું હોય ! એક સાધુ કીર્તન બોલે પછી ભગવાનની કથા વાર્તા કરે એમાં શું ? અલ્યા મૂરખા જે છે તે એમાંજ છે. જીંદગીમાં ગમે તેટલા સત્તકર્મ કર્યા હશે, દાન, વ્રત, તપ, ત્યાગ, તીર્થ, યોગ, યજ્ઞ આ બધું જ સત્સંગ વગર અધૂરૂં છે. જીંદગીમાં સારા સદ્‌ગુણ જોઈતા હોય, પ્રત્યેક ક્ષેત્રે સફળતા જોઈતી હોય, શાંતિ અને સંતોષની પ્રાપ્તિ પણ સત્સંગમાંથી થાય છે. આવો મહિમા છે સત્સંગનો. પણ પિન્ટુ મને એમાં કાંઈ સમજણ નથી પડતી. તું ચિંતા શા માટે કરે છે. કથા વાંચે છે એ સંત સાથે મારે હેત છે. એમની આગળ હું તારી વાત કરીશ. પછી બધું તને સભા પૂરી થાય ત્યારબાદ સમજાવશે.

ચાલ ત્યારે આજે હું તારી સાથે આવું. બંને મિત્રો સત્સંગ સભામાં આવ્યા. સુંદર એવી ભગવાનના ભક્તોની સભા ભરાઈને બેઠી છે. આ બન્ને જણ જ્યાં જગ્યા હતી ત્યાં બેસી ગયા. પછી સભાની શરૂઆતમાં કીર્તન ભક્તિથી થઈ.

તારી મૂરતિ રે છે જો નેણાનો
શણગાર....

આ કીર્તન પૂર્ણ થતા કથાની શરૂઆત થઈ. સત્સંગનો મહિમા સમજાવતા કથાકાર સંતે કહ્યું કે અષ્ટાંગ યોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત અને દાનાદિક તેણે કરીને જેવા ભગવાન વશ થતા નથી જેવા સત્સંગે કરીને થાય છે. માટે આ જીવનું રૂડું તો સત્સંગથી થાય. સત્સંગ થી (નરક કુંડમાં) જમના પાસથી જીવ બચી જાય છે. સત્સંગ વિના જીવનમાં સારા સદ્‌ગુણ આવી શકતા નથી. માટે સત્સંગ એ ખૂબ જ જરૂરી છે. "ક્ષણમપિ સજ્જન સંગતિ રેકા ભવતિ ભવાર્ણવ તરણે નૌકા" એક ક્ષણ પણ સાધુ પુરૂષોની સોબત (સત્સંગ) થાય તો સંસાર સાગર તરી જવાય છે. જીંદગીમાં સત્સંગ કેટલો મહત્વનો છે તે સમજાવતાં સંતો દ્રષ્ટાંત આપે છે.

બે જીવ એક સાથે મૃત્યુ પામ્યા. જમદૂતો આ બન્ને જીવને લઈ સંયમીની પુરીમાં ગયા. યમરાજની પાસે લઈ જઈ હાજર કરવામાં આવ્યા. યમરાજ પોતાના આસન પર બેઠેલા અને એમની નજીક ચિત્ર ગુપ્ત નામે યમરાજનો સેવક બેઠો હતો. યમરાજનો ઓર્ડર થાય એટલે ચિત્રગુપ્તની પાસે જે પણ જીવે જેવા કર્મ કર્યા હોય તેનો બધો ડેટા હાજર થાય. આ બે જીવો યમરાજની પાસે આવ્યા. યમરાજે ચિત્રગુપ્તને આજ્ઞા કરી તેથી બન્ને જીવોના સારા અને ખરાબ બન્નેનો રિપોર્ટ યમરાજ પાસે આવી ગયો. યમરાજે જોયું બન્ને જીવોની આવરદા એક સાથે પૂર્ણ થઈ અને એક જ ક્ષણે બન્ને જીવે દેહ મુક્યો હતો. પછી જોયું કે એક જીવ છે તેના પુણ્ય અપાર છે. પરંતુ થોડા પાપ પણ હતા. યમરાજે તે જીવને બોલાવી કહ્યું. તેં આખી જીંદગીમાં સારા કાર્યો કરી ખૂબ પુણ્યની પ્રાપ્તિ કરી છે. સાથે થોડું પાપ પણ થઈ ગયું છે. જે એક ઘડી જેટલું છે. હવે તારે શું કરવું છે. પહેલા પાપ ભોગવવું છે કે પુણ્ય ? ત્યારે આ જીવે વિચાર કર્યો એક જ ઘડીની વાત છે ! તો ચાલો પહેલા પાપ ભોગવી લઉં. યમરાજને કહ્યું કે મારે પહેલા પાપ ભોગવવું છે. અને યમરાજે તેને ધરતી ઉપર કાળા ઝેરી સર્પ તરીકે મોકલ્યો. અને કહ્યું કે એક ઘડી પછી પાછો આવજે. હવે આ જીવ એક ઘડી માટે સર્પ થયો છે. સર્પનો સ્વભાવ ઠંડક શોધવાનો છે. તેને શીતલતા ગમે છે. સર્પ ઠંડક મળે તે માટે ફરવા લાગ્યો અને ત્યાં નજીકના કૂવા તરફ દોડ મૂકી છે ત્યાં રસ્તામાં કોઈ બહેન પાણી ભરીને આવતી હતી તેનો પગ આ સર્પની પૂંછડી ઉપર પડ્યો. બધાને

ખ્યાલ હશે સર્પનો સ્વભાવ કેવો હોય. તરત જ ડંખ મારી દીધો. આ બહેનનું તત્કાળ મૃત્યુ થયું. પાછું આ બહેનના ઉદરમાં બાળક હતું તેનું પણ મૃત્યુ થયું. થોડુંક પાપ ભોગવવામાં ડબલ પાપ થયું. બે જીવનો ભોગ લીધો. અને એ પાપે તેને નરકકુંડમાં જવું પડ્યું. ગમે તેટલા સત્કર્મ કર્યા છતાં પણ સત્સંગ વિના સદ્વિચાર કે સદ્બુદ્ધિના અભાવે આ જીવને નરક કુંડમાં જવું પડ્યું.

યમરાજે બીજા જીવને કહ્યું, "તારી આખી જીંદગીમાં કોઈ સારા સત્કર્મ નથી. તારે તો રોરવ નરકમાં જ જવું પડશે. તારું પુણ્ય છે પણ ફક્ત એકજ ઘડીનું ! બોલ હવે તારે પહેલા શું ભોગવવું છે ? જો તું ઈચ્છતો હોય તો તને અત્યારે એક ઘડી માટે મોટો રાજા બનાવી દઉં. ત્યારે આ જીવને સદ્વિચાર જાગ્યો. યમરાજને કહે છે મારું એક ઘડીનું પુણ્ય હોય તો મને કોઈ મહાત્માના ચરણોમાં મુકી દો. યમરાજ ગભરાયા. હવે આ જીવ કદાચ આપણા હાથમાંથી ગયો. યમરાજે તથાસ્તુ કહ્યું. જંગલની અંદર એક મહાત્માના પગમાં પડીને કહે છે, મહાત્માજી મને બચાવો. મેં આખી જીંદગી પાપ કર્યા છે. હવે મને એનો પશ્ચાતાપ થાય છે. મેં ખૂબ જ અનિષ્ટ કાર્યો કર્યા છે. હું ખૂબ પાપી છું. મહાત્માજી સમાધિમાં હતા. આ જીવ મહાત્મા સામે હાથ જોડીને કરગરી રહ્યો હતો. જયારે સમાધિમાંથી મહાત્માજી જાગ્યા ત્યાંજ તેમની દ્રષ્ટિ પડતા જ જીવ પાપથી મુક્ત થયો. મહાત્માજીએ આ જીવના મસ્તક પર હાથ મૂકી કહ્યું શા માટે ડરે છે ? તારા પશ્ચાતાપથી તું પવિત્ર થયો છે. હવે ભગવાનનું ભજન કર. ધીરજ રાખ. હમણાં ભગવાન સંધ્યા સમયે મને દર્શન દેવા આવશે. ત્યારે તું ભગવાનના ચરણ પકડી લેજે તારી સદ્ગતિ થઈ જશે. ભગવાનનું ભજન કર. આ જીવે ભગવાનના નામની ધૂન્ય ચાલુ કરી. અહીં એક ઘડીનો સમય પૂરો થવા આવ્યો. યમરાજના કહેવા પ્રમાણે યમદૂતો એના પાપોનું ફળ આપવા માટે મહાત્માજીના આશ્રમ પાસે આવે છે. પણ આશ્રમમાં પ્રવેશ કરી શકતા નથી. આ જીવ યમદૂતોને જોઈ ફરીથી ગભરાય છે. હે મહાત્માજી ! ભગવાન ક્યારે આવશે ? આ યમદૂતો આવી ગયા છે. મને લઈ જશે. ત્યારે મહાત્માજી હસતા હસતા કહે છે, કે તું શા માટે આટલો બધો ડરે છે. એ યમદૂતો આ પવિત્ર આશ્રમમાં પ્રવેશ નહિ કરી શકે. તું નિશ્ચિંત થા ! એટલા માં જ અતિશય પ્રકાશ પ્રકાશ દેખાય છે. અતિશય તેજના પુંજમાં ભગવાનનાં દર્શન થયાં. આ જીવની વૃત્તિઓ સ્થિર થાય છે. ભગવાનના સ્વરૂપના દર્શન કરવામાં મન સ્થિર થઈ જાય છે. અને આ જીવાત્મા પરમાત્માના ધામમાં પહોંચી જાય છે.

આ દ્રષ્ટાંત આપતા સંતો કહે છે કે સત્સંગથી સદ્વિચાર, સદ્બુદ્ધિ, સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે. અને પાપી જીવ પણ પુણ્યના માર્ગે આગળ વધે છે. કથા પૂરી થઈ ભગવાનની જય બોલાઈ અને પ્રસાદ લઈ સૌ વિખરાયા.

બહાર આવી પિન્ટુએ ચિન્ટુનો આભાર માન્યો. મિત્ર ! આજે ખરેખર તું મને સારી જગ્યાએ લઈ આવ્યો. મારા અંતરમાં ખૂબ શાંતિ શાંતિ લાગે છે. સત્સંગનો મહિમા મને હવે સમજાયો. હું તારો ઉપકાર જીંદગી ભર નહિં ભૂલું.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે પ્રસાદીની
અલૌકિક વસ્તુઓ અર્પણ

સંપ્રદાયમાં વહેલાલનું નામ લેતા જ જેશંગભાઈનો માઢ સહેજે સહેજે યાદ આવી જાય. આવા દિવ્ય પ્રસાદીના ગામમાં સર્વોપરિ શ્રીહરિના સ્પર્શથી લઈ ઉપયોગમાં આવેલી અનેક વસ્તુઓ સંગ્રહિત છે. ગામના સમસ્ત હરિભક્તોને પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પોતાના ગામની પ્રસાદીની વસ્તુઓ અર્પણ કરવા ઈચ્છા થઈ. જેથી પ્રસાદીના માઢના બન્ને દરવાજા તથા સીડી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શન અર્થે પધરાવવામાં આવે તો દેશ વિદેશના લાખો હરિભક્તો એકજ જગ્યાએ દર્શનનો લાભ લઈ શકે અને જેની વરસો પર્યન્ત જાળવણી થઈ શકે આવા સુંદર હેતુને લક્ષમાં રાખીને ઉપરોક્ત વસ્તુઓ સમસ્ત ગામના હરિભક્તોના સાથ સહકારથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં અર્પણ કરવામાં આવી છે.

ગામના સૌ હરિભક્તો વતી

હસમુખભાઈ શાંતિલાલ પટેલ, કેતનભાઈ આર. પટેલ, રમેશભાઈ એ. પટેલ, શીવાભાઈ પૂંજાભાઈ પટેલ, મુકેશ રાવજીભાંઈ પટેલ, ધીરૂભાઈ કસીભાઈ પટેલ અને ધીરજલાલ બી. પટેલ વગેરે.

।। ભક્તિસુધા ।।

માતાજી (ઝમકુંબાઈ)

- લોપા પટેલ (હરભોલાપાર્ક)

ઉદેપુરના રાજાના પત્ની ઝમકુંબાઈએ મહારાજના ઐશ્વર્યો, ચમત્કારો તથા પ્રગટપણાની ઘણી વાત સાંભળીને વિચાર કર્યો કે આ રાણીવાસમાં પડી રહીને વિષય ભોગમાં જ જીવન સમાપ્ત કરવું એના કરતાં તો પ્રગટ ભગવાનનો આશ્રય કરીને આત્મ કલ્યાણ કેમ ન સાધી લેવું ?

મીરાંને જેમ પ્રભુ વશ હતા જેથી ઝેરના પ્યાલા અમૃત બની ગયા હતા. એમ ભગવાન મારી ઈચ્છા પણ પુરી કરશે. ઘણા ઘણા ઉપાયો કર્યા પણ એકેયમાં સફળતા મળે તેમ ન હતું. કારણ કે રાણાનાં મુખ્ય માનીતાં હોવાથી દાસદાસીઓ અખંડ તહેનાતમાં રહેવાનીજ.

પછી તો પોતાના જીવનમાં ખૂબ પલટો આવી ગયો. રાત દિવસ ભગવાન સંભારે, પૂજા-પ્રાર્થના કરે. તદ્દન શાંત અને સાત્વિકતાથી વર્તવા લાગ્યાં. રાણાને આ ફેરફાર અસહ્ય થઈ પડ્યો. એમણે શામ, દામ, ભેદ, દંડના પ્રયત્નો કર્યા પણ નિષ્ફળતા મળી. ઝમકુંબાઈનું જીવન વૈરાગ્ય તરફ વધુને વધુ ઢળતું ગયું.

એક દિવસ નાસી છૂટવાનો વિચાર કર્યો અને એક રાત્રીએ સાડીઓ બાંધીને પાછલી બારીથી નીચે ઉતરી ગયાં. રાજાની રાણી છે ! જમીન પર પગ મૂક્યો નથી ! એ આજે ઉઘાડા પગે અંધારી રાત્રે દોડવા જ લાગ્યાં. રસ્તાની પણ ખબર નથી. નદી,નાળાં અને વન, ટેકરા પસાર કરતા પડતાં આખડતાં મહારાજનું નામ લેતાં સૂર્ય ઉદય પહેલાં દશેક ગાઉ દૂર નીકળી ગયા.

આ બાજુ દાસીઓએ રાણાને ખબર આપી કે પટરાણીજી દેખાંતા નથી. પાછલી બારીએ સાડીઓ લટકે છે. તે રખેને નાસી ગયાં હોય ! રાણાના હુકમથી ચારે દિશાઓમાં ઘોડા દોડાવ્યા.

ઝમકુંબાઈ ચાલ્યાં જતાં હતાં પણ મનમાં ભય તો હતો જ કે મને પડકવા આવશે તો ? ત્યાં.જ પાછળથી ઘોડાના દાબડાનો અવાજ સંભળાયો. પોતે શૂરવીર ક્ષત્રિયાણી છે એટલે ઉપાય શોધતાં વાર ન લાગી. રસ્તાની બાજુમાં મરેલા ઊંટનું હાડપીંજર પડ્યું હતું. તેમાં પેસી ગયાં. થોડીવારમાં અસ્વારો ત્યાંથી પસાર થયા તે જોઈને પોતે ગણી લીધાં. હવે એટલા પાછા ન વળી જાય ત્યાં સુધી આ સડેલા અને ગંધાતા આવા હાડપીંજરમાં રહેવામાં જ સલામતી હતી.

બરાબર ત્રણ દિવસ હાડપીંજરમાં ભૂખ્યાં તરસ્યાં બેસી રહ્યાં. જેટલા અસ્વારો ગયા હતાં એટલા બધા જ પાછા વળી ગયા છે એ જોઈને બહાર નીકળ્યાં. એક નદીમાં ન્હાયા ધોયાં. પછી ચાલવા માંડ્યા. એક વણઝારાની પોઠ મળી. એમાં તેમની સ્ત્રીઓ પણ હતી. એટલે ઝમકુંબાઈએ કહ્યું કે મને કાઠીયાવાડ પહોંચાડો. તમે મારા પિતા સમાન છો. એમ કહીને પોતાના ગળામાંથી એક સોનાનો હાર ઉતારીને વણઝારાને આપ્યો. વણઝારાએ હા પાડી એટલે એમની સાથે સાથે પ્રવાસ કરવા લાગ્યાં. એમની પાસેથી લોટ લઈ પોતાના હાથે બાટી શેકી જમી લેતા. સમય જતાં આવી સુંદર યુવતીને જોઈ વણઝારાની બુદ્ધિ બગડી અને કહ્યું કે તમને તો ક્યાંય જવા દેવાં નથી આખી જીંદગી મારી સાથે રાખવાં છે.

બુદ્ધિશાળી ઝમકુંબાઈ ચેતી ગયાં. જે ગામની ભાગોળે વણઝારાની પોઠનો પડાવ હતો તે ગામ વડનગર હતું. બાઈ કહે હું નાહીને આવું. એમ કહી તલાવે ગયાં. ત્યાં કેટલીક સ્ત્રીઓ સ્વામિનારાયણનું ભજન કરતી હતી, ને પાણી ભરતી હતી. ઝમકુંબાઈ ત્યાં પહોંચી ગયાં અને પોતાની વાત કહી એટલે વડનગરની સત્સંગી બાઈઓ એમને સંતાડીને પોતાને ઘેર લઈ ગયા.

પછી વણઝારાએ બહુ તપાસ કરી પણ ન મળ્યાં. એટલે એ ચાલ્યો ગયો. કેટલાય દિવસ પછી વડનગરના હરિભકતોએ ઝમકુંબાઈને ગઢપુર પહોંચાડ્યા. ને શ્રીહરિનાં દર્શન થતાં જ ચિત-વૃત્તિ સ્થિર થઈ ગઈ ! આંખમાંથી અશ્રુની ધારા વહેવા માંડી. મહારાજે તેમની આગતા સ્વાગતા કરાવી. પોતે સર્વ જાણે છે. છતાં બીજાને જણાવવા રસ્તાનું વૃત્તાંત પૂછ્યું. પોતે કેવી રીતે ઘર છોડયું અને રસ્તામાં શું શું બન્યું તે બધું રાણીએ સવિસ્તાર કહી સંભળાવ્યું.

મહારાજે કહ્યું કે તમને કોઈ ઓળખે નહિં એટલે આજથી તમારું નામ માતાજી રાખીએ છીએ. પછી સૌ માતાજી કહીને એમને બોલાવતાં.

થોડા દિવસ પછી મહારાજ કહે તમને કચ્છમાં મોકલીએ તો ? સારું પ્રભુ તમારી આજ્ઞા એજ મારું જીવન છે. માતાજીએ જવાબ આપ્યો. પણ દુઃખી ન થયાં. આટ આટલાં કષ્ટ વેઠીને અહીં આવ્યા. હવે મહારાજથી દૂર જવું પડશે એવો વિચાર પણ ન થયો.

પછી મહારાજે તેમને ભૂજ મોકલ્યાં

ને આ જીવન લાધીબા જોડે રહ્યાં. શ્રીહરિએ માતાજીના વૈરાગ્ય બળની ખૂબ પ્રશંસા કરી. લોયાના ત્રીજા વચનામૃતમાં માતાજીના ત્યાગને પ્રભુએ બિરદાવ્યો છે.

●

મેરે ગરીબ નિવાજ

- તરલાબેન અતુલભાઇ પોથીવાલા (અમદાવાદ)

લાંઘણજ ગામમાં બે સત્સંગી બાઈઓ રહે. એક હતી ગરીબ. નામ સોનબાઈ ભાવસાર. ભલે વ્યવહારે ગરીબ હતી. પરંતુ શ્રીજી મહારાજ પ્રત્યેનો ભાવ ભલભલા અમીર કરતાં પણ ચઢિયાતો.

બીજી બાઈ શ્રીમંત હતી. જાતે નાગર બ્રાહ્મણ નામ ગંગાબાઈ.

સોનબાઈએ મહારાજને તથા સંતોને ઘેર જમવા આવવાનું આમંત્રણ દીધું. ગંગાબાઈને આની ખબર પડી. તે સીધી સોનબાઈ પાસે ગઈ કહ્યું, "તારી પાસે ઊંચી જાતના દાળ-ચોખા નથી. તારા દાળ-ચોખા હલકા છે, માટે સાધુઓને રસોઈ કરીને તું જમાડ અને મહારાજ માટે સારાં દાળ-ચોખામાંથી બનાવેલો થાળ તૈયાર કરી હું જમાડવા આવીશ !"

ગરીબ સોનબાઈ પાછી સ્વભાવથીયે ગરીબ ! ગંગાબાઈની વાત સાંભળી એને મનમાં બહુ ઓછું આવ્યું. એણે દુઃખી હૃદયે હા પાડી. મનમાં થયું "મારા દાળ-ચોખા હલકા છે, મારું સીધું મહારાજના ખપમાં ન આવ્યું."

બપોરનો સમય થયો. મહારાજ ચાખડિયે ચડીને સોનબાઈને ઘેર જમવા પધાર્યા. સોનબાઈ સામે જોયું. એનું મોં ઝાંખું પડી ગયેલું. આંખોમાં ઝળઝળિયાં આવી ગયા. મહારાજે દુઃખનું કારણ પૂછ્યું. સોનબાઈએ રોતાં રોતાં બધી જ હકીકત કહી.

મહારાજ બોલ્યા, "સોનબાઈ દુઃખી ન થાવ. તમારા ઘરમાં જે રસોઈ તૈયાર હોય તે લાવો. અમને ખૂબ ભૂખ લાગી છે. અમે તમારું જ અન્ન જમીશું."

સોનબાઈએ તો રાજી થઈને પાટલો ઢાળ્યો. સરસ મઝાનું આસન પાથર્યું. સુંદર કાંસાના થાળી વાટકા લાવી અને મહારાજને જમવા બેસાર્યા. મહારાજ જમતાં જાય અને સોનબાઈ મહારાજને પંખો વીંઝતા જાય. આજે અનંતકોટિ બ્રહ્માંડનો અધિપતિ એક ગરીબ બાઈના ઘેર સબડકા ભરી ભરીને દાળ પીતો હતો ! મહારાજ લગભગ જમી રહ્યાં ત્યાં જ ગંગાબાઈ થાળ પીરસી, બ્રાહ્મણ આગળ ઉંચકાવી ઘરમાં પ્રવેશ્યાં. તેમને જોઈ મહારાજે ટકોર કરી, "હું તો ધરાઈને જમ્યો. સોનબાઈની રસોઈ અમને બહુ ભાવી. હવે આ થાળ તમે ને સોનબાઈ જમી લો."

ગંગાબાઈને અંતરદ્રષ્ટિ થઈ. મહારાજના બોલથી એના અંતરનાં પડદાં ખૂલી ગયા. પોતાની ભૂલ સમજાઈ ગઈ. "સોનબાઈના દિલનો ભાવ સાચો હતો અને મેં અભાગણીએ અનાજમાંય વેરો આંતરો રાખ્યો તેથી જ મહારાજ થાળ ના જમ્યા."

મહારાજ ચળુ કરીને ઢોલિયે બિરાજ્યા. સોનબાઈએ મુખવાસ ધર્યાં. ગંગાબાઈ મહારાજને પગે લાગી અને મહારાજને કહ્યું "વાહ મારા ગરીબ નિવાજ ! આજે આપ આ સોનબાઈની રસોઈ જમ્યાં અને ગરીબ નિવાજીપણું દર્શાવ્યું. પરંતુ મહારાજ મારી રસોઈ ને આપ હાથ અડાડી પવિત્ર કરશો એટલી વિનંતી છે."

મહારાજે ગંગાબાઈની રસોઈ ઉપર હાથ મૂક્યો અને એ થાળને પણ પ્રત્યક્ષ પ્રભુની પ્રસાદી બનાવી મૂક્યો.

મહારાજ અને સંતો વિદાય થયાં. બન્ને બાઈઓ ઉંબરે ઊભી રહી મહારાજની ચાખડીયોનો ચટાક ચટાક ધ્વનિ સાંભળી રહી હતી. આજે બન્ને બહેનપણીઓ તો હતી જ, પરંતુ મહાસજ પ્રત્યેના ભાવમાં પણ સખીયો બની રહી !

●

જીજીબાઈ

- ધ્વનિ પટેલ (હરભોળાપાર્ક)

ઝાલાવાડ માં મેથાણ ગામના વતની જીજીબાઈ રામાનંદ સ્વામી નાં શિષ્ય હતા. પોતે ઝાલાકુળ ના રજપૂત હતા. તેમને પૂંજાજી તથા કાકાભાઈ નામે બે ભાઈઓ હતા. સં ૧૮૫૯ માં પહેલ વહેલા મહારાજ ઝાલાવાડ માં પધાર્યા ત્યારે મેથાણ માં પૂંજાજી ના ઘરે ઉતર્યા હતા. કથા વાર્તા ચાલતી હતી. જીજીબાઈ પણ અંદર ના ઓરડા માં બેસી કથા સાંભળતા હતા.

પછી વિચાર થયો કે રામાનંદ સ્વામી તો શરીરે પુષ્ટ હતા અને આ સહજાનંદ સ્વામી તો દુબળા છે એટલે સ્વામી ના શિષ્ય કહેવાય. પછી મહારાજે એવા દર્શન આપ્યા કે જાણે રામાનંદ સ્વામી મહારાજ ની સ્તુતિ પૂજા કરે છે. પછી મહારાજે જીજીબાઈ ને બહાર બોલાવી ને પૂછયું કે શું સંકલ્પ કરતા હતા કહો ? પછી કહ્યું, તે સાંભળી ને પૂંજાજી તથા કાકાભાઈ વગેરે ને મહારાજ નો દ્રઢ નિશ્ચય થયો.

૧૮૬૨ ની સાલ માં મહારાજ કચ્છ થી ચાલ્યા આવતા હતા. તે જીજીબાઈ ને સ્વપ્નમાં દેખાયું. સવારે કાકાભાઈ ને ઘોડો લઈને ધ્રાંગધ્રા સુધી સામા જવા કહ્યું. પછી શ્રીજીમહારાજ મળ્યા તે ઘોડી એ બેસારી ને મેથાણ તેડી લાવ્યા, ભાગોળે ગાયકવાડના ઘોડા ખંડણી લેવા રસ્તો રોકી ને ઉભેલા જોઈ મહારાજ કહે, કાકાભાઈ, આપણે આ ઘોડા વચ્ચે નીસરવુ છે. પછી કાકાભાઈ ઉઘાડી તલવારે આગળ થયા. અને કોઈ પણ ઘોડેસવાર બોલ્યો ચાલ્યો નહીં. ને

મહારાજ મેથાણ પધાર્યા.

પૂંજાજીએ સામૈયા ની ત્યારી કરી રાખી હતી. તેથી ધામધુમથી મહારાજ જીજીબાઈ ને ઘેર પધાર્યા. જીજીબાઈ એ સુંદર ભાતભાતના પકવાનોની રસોઈ તૈયાર કરી રાખી હતી. તે બધાંજ થાળ મહારાજને પ્રેમથી જમાડ્યા. અને મહારાજની પૂજા કરી.

જીજીબાઈ ની પ્રેમલક્ષણા ભક્તિને વશ થઈને મહારાજ ઘણીવાર મેથાણ પધાર્યાં છે. આવી તો અનેક લીલાઓ મહારાજે કરી છે.

●

સાચું જ્ઞાન

- સાં.યો. કુંદનબા ગુરુ કંચનબા
(મેડા)

જ્ઞાન એટલે શું ?

વ્હાલા ભક્તો સાચું જ્ઞાન કોને કહેવાય ? તો હે ભક્તો ! જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું. તેને જ્ઞાન કહેવાય. દુનિયામાં ઘણા લોકોને વિવિધ કળાનું જ્ઞાન હોય છે. પણ જીવના મોક્ષ અર્થે ઉપયોગમાં આવે તે જ જ્ઞાન સાચું છે. હે ભક્તો ! ભગવાનને તત્વે કરીને જાણવા તે જ્ઞાન કહેવાય. જે વ્યક્તિને ભગવાનનું આવું જ્ઞાન થયું તેને જ્ઞાની જાણવો. અને હે વહાલા ભક્તો ! ભગવાને વચનામૃતમાં પણ કહ્યું છે કે "મને જ્ઞાની બહુ વહાલો છે. જ્ઞાની મારા પ્રાણ સમાન છે. માટે હે ભક્તો ! આપણે પરમાત્માના પ્રાણ સમાન વહાલા બનવું હોય તો આવું જ્ઞાન કેળવવું જ પડશે. તેથી જ ભગવાને પણ કહ્યું છે કે ગુરુ કરવા તો જ્ઞાની કરવા. જ્ઞાની ગુરુ જ પ્રગટ પરમાત્માની પ્રાપ્તિ કરાવે છે.

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પણ જ્યારે લોજમાં મુક્તાનંદ સ્વામીને ગુરુભાઈ કર્યા ત્યારે પ્રથમ તેમના જ્ઞાનની પરીક્ષા કરી હતી. નીલકંઠજીએ પણ મુક્તાનંદ સ્વામીને પાંચ પ્રશ્નો પૂછ્યા હતા. મહારાજે મુક્તાનંદ સ્વામીને (૧) જીવ (૨) ઈશ્વર (૩) માયા (૪) બ્રહ્મ (૫) પરબ્રહ્મ આ પાંચના લક્ષણો પૂછયા હતા.

પ્રથમ આપણે જીવના સ્વરૂપને ઓળખીએ. જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણું સરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરુપ છે ને જાણનારો છે. જે જીવાત્મા છે તે આ સ્થૂળ દેહમાં નખથી આરંભીને શિખા (ચોટલી) પર્યંત સમગ્ર દેહમાં વ્યાપીને રહ્યો છે. જેમ મંદિરને વિષે એક સ્થળમાં દીવો મૂક્યો હોય તે દીવાના અગ્નિની જ્યોત વિશેષ કરીને તો વાટ્યને વિષે વ્યાપી રહી છે અને સામાન્યપણે કરીને બધા ઘરને વિષે વ્યાપી રહી છે. તેમ જીવાત્મા છે તો પણ વિશેષ કરીને તો પંચભૂતના વિકારરુપ જે માંસનું ચક (હૃદય) તેને વિષે વ્યાપીને રહ્યો છે અને સામાન્યપણે કરીને તો બધા દેહમાં વ્યાપિને રહ્યો છે એવી રીતે આ દેહને વિષે જીવ રહે છે. જીવાત્મા આંખ, કાન, નાક, જીભ અને ચામડી પાંચ જ્ઞાન ઈંદ્રિયો અને વાણી, હાથ, પગ, શિશ્ન અને ગુદા આ પાંચ કર્મ ઈંદ્રિયો તેમજ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર અંતઃકરણ તે દ્વારા અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે. તથા પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પંચભૂતનો બનેલો સ્થૂળદેહ છે. તે જ્યાં સુધી પ્રારબ્ધ કર્મ પ્રમાણે આ પૃથ્વી ઉપર રહે છે ત્યાં સુધી તેની અંદર જીવાત્મા નિવાસ કરીને રહે છે. સ્થૂળદેહની આયુષ્ય પુરી થતાં જીવાત્માં સૂક્ષ્મદેહ સાથે કર્માનુસાર તમામ સ્થાવર-જંગમ યોનિઓમાં જાય છે. કારણ દેહને કોઈ તત્વ હોતું નથી. જીવાત્માને જગતના પંચવિષયોની જે જે ઈચ્છાઓ રહે છે તેને વાસના કહેવાય છે. અને તેને જ કારણ દેહ કહેવાય છે. આ કારણદેહના કારણે જ જીવાત્માને વારંવાર સ્થૂળદેહમાં જવું પડે છે. માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહમાં જીવાત્મા વ્યાપીને રહ્યો છે. જીવાત્મા છે તે અનાદિ છે માટે જ નિત્ય છે. તેનો કદી નાશ થતો નથી. તેમજ તેજોમય તેનું સ્વરૂપ છે. "મનુષ્ય જેમ જૂનાં ને જળી ગયેલા વસ્ત્રોને તજીને બીજા નવાં વસ્ત્રો ધારણ કરે છે તેમ જીવાત્મા જીર્ણ થઈ ગયેલાં શરીરો તજી દઈને બીજા નવાં શરીરો ધારણ કરે છે." એ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી. અગ્નિ બાળી શકતો નથી, પાણી પલાળી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી."

જીવાત્મા ત્રણ દેહથી જુદો છે. છતાં પણ અજ્ઞાનને કારણે પોતાને ભોક્તા માને છે, એ એક મોટો ભ્રમ છે. જેમ ઘડાની અંદર પાણી ભરેલું હોય તેમાં આકાશનું પ્રતિબિંબ હલે એટલે આપણને લાગે કે આકાશ હલે છે. બીજું કે આપણે રેલ ગાડીમાં બેઠાં હોઈએ ત્યારે ચાલુ ગાડીમાં જોઈએ તો બહારના વૃક્ષો હોય તે ગાડી સાથે દોડતાં જણાય છે. પરંતુ આકાશનું હલવું, ઝાડો દોડતાં દેખાવાં તે તમામ ભ્રમ છે. સત્ય નથી, તેમ ભ્રમને કારણે જીવાત્મા દેહને પોતાનું રુપ માની બેઠો છે. તેને કારણ દેહનાં સુખ દુઃખને પોતાનાં માની બેઠો છે. જે જે મહાપુરુષો ભ્રમરુપી અજ્ઞાનથી પર થઈ ગયા છે તેઓ દેહના સુખ દુઃખને પોતાના માનતા જ નથી. જેમ કે શતાનંદ સ્વામી, ઋષભદેવજી, શુકદેવજી અને સચ્ચિદાનંદ સ્વામી ઈત્યાદિક અનેક મહાપુરુષો દેહનાં સુખદુઃખથી વિકાર પામતા ન હતા. હે ભક્તો ! જીવાત્માને એકવાર શાસ્ત્રો દ્વારા કે મહાપુરુષો દ્વારા જ્ઞાન થઈ જાય કે - દેહથી હું જુદો છું પછી પોતાના મૂળ સ્વરુપને ઓળખી જવાથી દેહ ખોટો મનાય છે. પછી જીવાત્મા આત્મશાંતિનો અખંડ આનંદ માણે છે.

(ક્રમશઃ)

સત્સંગ સમાચાર

સર્વોપરિ શ્રી નરનારાયણદેવને ચંદનના વાઘાના દર્શન

ભરતખંડના રાજાધિરાજ સર્વોપરિ શ્રી નરનારાયણદેવ, શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજ, શ્રીરાધાકૃષ્ણદેવ અને અક્ષરભૂવન શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોને અક્ષય તૃતિયાના દિવસથી નિત્યે સુગંધીમાન ચંદનના રોજેરોજ વિવિધ પ્રકારના અદ્‌ભુત વાઘાના દર્શન કરાવવામાં આવતા હતા. ગ્રીષ્મ ઋતુમાં આપણા ઈષ્ટદેવ પરાત્પર પરમાત્માના આવા દિવ્ય દર્શન કરીને જીવને પણ એક પ્રકારની ટાઢક થાય છે. સ્વયં શ્રીહરિએ પ્રસ્થાપિત કરેલ સ્વસ્વરૂપને નિરખી નિરખીને અંગો અંગ અને વસ્ત્રાલંકારના દર્શન કરતા કરતા મૂર્તિનું અદ્‌ભુત અલૌકિક સ્વરૂપ હૃદયમાં બેસી જાય તો આપણું જીવન ખરેખર ધન્ય અને મોક્ષદાયી બની જાય છે. આપણે શ્રીનગર વાસી ખૂબજ ભાગ્યશાળી છીએ કે રોજે દેવ દર્શન સાથે ધર્મવંશી પરિવારના પણ દર્શન કરીને અતિ આનંદ આનંદ થઈ જાય છે. આપણા જેવા ભાગ્ય કોના હોય. પૂજારી-બ્રહ્મચારી સંતોએ ખૂબજ શ્રધ્ધા ભક્તિથી ઠાકોરજીને લાડ લડાવીને આપણને આવા દિવ્ય ચંદનના વાઘાના દર્શન કરાવ્યા જેથી શ્રીહરિ તેમના પર અતિ રાજી અને પ્રસન્ન થાય તેવી પ્રાર્થના. *(કોઠારી ધર્મપ્રકાશદાસ)*

મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમસ્ત ધર્મવંશી પરિવારની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શાસ્ત્રી અખિલેશ્વરદાસજીની પ્રેરણાથી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ વૈશાખ સુદ-૧૦ના રોજ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની શુભ ઉપસ્થિતિમાં પ.ભ.અ.નિ. વિમળાબેન રમણલાલ પટેલ પરિવારના શ્રી ભૂપેન્દ્રભાઈ, શ્રી જીતુભાઈ, શ્રી હિતેન્દ્રભાઈ, રંજનબેન, શોભનાબેન અને ભારતીબેન તરફથી ધામધુમથી ઉજવાયેલ.

આ દિવ્ય પ્રસંગે પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને યજમાન પરિવારના બહેનો આદિ હરિભક્ત બાઈઓને દર્શન-આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું. યજમાન પરિવારના બહેનોએ પ.પૂ. ગાદીવાળાશ્રીનું પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

પ્રાસંગિક સભામાં બ્ર. સ્વા. વાસુદેવાનંદજી આદિ સંતો અને સ્વા. નારાયણસ્વરૂપદાસજીએ મુક આશીર્વાદ પાઠવ્યા હતા.

સ્વા. ધર્મકિશોરદાસે મહાપૂજા વિધિ કરાવી હતી. અત્રે નિર્માણ થયેલ ભંડાર, શ્રી વ્રજેન્દ્ર યાત્રિક ભૂવન (એ.સી.)નું પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ ઉદ્‌ઘાટન કરીને અતિ પ્રસન્ન થઈ અંતઃકરણથી રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ સૌ પ્રથમ પોતાના વરદ્‌ હસ્તે ઉદ્‌ઘાટન વિધિ કરી હતી. આ પ્રસંગે હજુરી પાર્ષદ વનરાજ ભગતે પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ પત્રના સમાચાર જણાવ્યા હતા. અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ફોન દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે પૂજારી સર્વેશ્વર સ્વામી આદિ સંત મંડળની સેવા પ્રશંસનીય હતી.

(નરેન્દ્ર ભગત)

ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે પ્રસ્થાપિત કરેલ શ્રી મોરલી મનોહરદેવ હરિકૃષ્ણ મહારાજના ૧૭૯માં વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્‌ સત્સંગીજીવન કથાપારાયણ વગેરે પ્રસંગો પ.પૂ. મોટા મહારાજશ્રી, તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ અને મહંત સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી ની પ્રેરણા અને મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીના માર્ગદર્શનથી અ.નિ.પ.ભ. હરિલાલ નારાયણદાસ ઠક્કર તથા અ.નિ. શારદાબેન હરિલાલ ઠક્કર (બાવળાવાળા)ના સ્મરણાર્થે તેમના જમાઈ પ.ભ. રમેશભાઈ પરસોતમદાસ ઠક્કર પરિવાર તરફથી પાટોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. શાસ્ત્રી પૂર્ણપ્રકાશદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ સુંદર મધુર વાણીમાં કથામૃતનો લાભ આપ્યો હતો.

વૈશાખ વદ -૫ તા. ૧૮-૫-૦૬ના રોજ પ્રાતઃ ૭-૦૦ કલાકે શ્રીહરિના દ્વારા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ઠાકોરજીને મહાભિષેક વેદ વિધિસર ધામધુમથી સંપન્ન થયો હતો.

ત્યારબાદ પ્રાસંગિક સભામાં મહંત સ્વામી સ.ગુ. જગતપ્રકાશદાસજી અને વિદ્વાન સંતોએ પ્રાસંગિક પ્રવચન કરેલ. પાટોત્સવના યજમાન પ.ભ. રમેશભાઈ અને તેમના પિતાશ્રી દાસભાઈ અને પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન-આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ધોળકા અને ધોળકા દેશના ગામોના હરિભક્તોએ ખૂબજ સારી સેવા પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી કરવામાં આવી હતી. યજમાન પ.ભ. રમેશભાઈએ પાટોત્સવની તમામ સેવા, શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની સેવા અને શ્રી સ્વામિનારાયણ માસિકના ૫૦ આજીવન સભ્યોની સેવા મહંત સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી કરી હતી. જેમના પર પ.પૂ. મોટા મહારાજશ્રી ખૂબજ પ્રસન્ન થયા હતા.

આ ઉત્સવ પ્રસંગે અગાઉ નારણઘાટના મહંત શા. ઘનશ્યામ સ્વામી તથા ઉત્સવ પ્રસંગે મૂળીથી સ.ગુ. હરિસ્વરૂપ સ્વામી, શ્રીરાધાકૃષ્ણદેવના પૂર્વ પૂજારી જે.પી. સ્વામી, શાસ્ત્રી ભરત ભગત, જેતલપુરના મહંત કે.પી. સ્વામી, શ્યામ સ્વામી, મૂળીથી કોઠારી ચંદુ ભગત અને અમદાવાદ સ્કીમ કમિટીના મેમ્બર સેવાનુરાગી પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ (મેડાવાળા) પ.પૂ. મહારાજશ્રી સાથે દર્શનાર્થે પધાર્યા હતા. હજારો ભાવિકોએ દર્શન કરીને જીવન સુફળ કર્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ધોળકા)

શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (તા. ઈડર) સુવર્ણ જયંતી મહોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામજીવનદાસજીની શુભ પ્રેરણાથી અને લાલોડા ગામના સમસ્ત હરિભક્તોના સહયોગથી નિજ મંદિરને ૫૦ વર્ષ પૂર્ણ થતા સુવર્ણ જયંતી મહોત્સવનું ધામધુમથી આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૯-૪-૦૬ થી ૫-૫-૦૬ પર્યન્ત શ્રીમદ્ ભાગવત કથા પારાયણ પૂ. પી.પી. સ્વામીના વક્તાપદે સુંદર રીતે સંપન્ન થઈ હતી. સમૂહ મહાપૂજા અને શ્રી વિષ્ણુયાગનું પણ વિધિસર આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૫-૫-૦૬ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના અને ઈડર દેશના હજારો હરિભક્તોએ અને પૂ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામજીવન-દાસજી અને સંત સમુદાયે અભૂતપૂર્વ સ્વાગત સામૈયુ કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારીને યજ્ઞ મંડપમાં પધાર્યા હતા. જ્યાં પોતાના વરદ્ હસ્તે શ્રીફળ હોમીને યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. ત્યારબાદ કથા મંડપમાં વ્યાસજીની આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિ કરી હતી. સભામાં વિદ્વાન સંતોએ પ્રાસંગિક પ્રવચનો કરીને લાલોડના શુદ્ધ સત્સંગની પ્રસંશા કરી હતી. છેલ્લે સમસ્ત ગામને અને પૂ. ઘનશ્યામ સ્વામી અને તેમના મંડળના સંતોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપીને અતિ રાજીપો દર્શાવ્યો હતો. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. સતત સાત દિવસ પર્યન્ત સમસ્ત ગામ અને મહેમાનોને બન્ને સમય પ્રસાદની અદ્ભુત વ્યવસ્થા કરવામાં આવી હતી. ગામનાજ હરિભક્તોના સંપૂર્ણ તન-મન અને ધનના સહકારથી આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વામીના મંડળના સંતો સ્વામી મોહનપ્રસાદદાસજી, સ્વામી વિશ્વપ્રકાશ-દાસજી અને સ્વામી બાળકૃષ્ણદાસ અને જેતલપુર મંદિર, નાથદ્વારા, ધોળકા અને અમદાવાદથી સંતોએ ખડે પગે સેવા બજાવી હતી. ખરેખર આ મહોત્સવથી સાબરકાંઠાના સત્સંગમાં નવા પ્રાણ પૂરાયા છે. શ્રીજી મહારાજ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી પરિવાર અતિ રાજી થયા છે.

(સ્વામી વિશ્વપ્રકાશદાસજી)

અરોડા ગામે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને ઈડરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી જુના અરોડામાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ પૂર્ણ થતા મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ શા.સ્વામી હરિજીવનદાસજી (ગાંધીનગર) અને શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજીએ કથામૃત પાન કરાવ્યું હતું. સહિંતાપાઠમાં નવયુવાન સંતો બિરાજ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ પણ સુંદર થયા હતા. ત્રણ દિવસ વિષ્ણુયાગનું વિધિસર આયોજન સંપન્ન થયું હતું.

તા. ૨-૫-૦૬ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદ વિધિસર રીતે થઈ હતી. યજ્ઞ અને કથાની પ.પૂ. મહારાજશ્રીએ પૂર્ણાહુતિ કરી હતી.

વિદ્વાન સંતો-મહંતોએ પ્રેરક પ્રવચન કર્યા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઈડરના મહંત સ્વામી અને ગામના હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ગામના હરિભક્તોની સેવા પ્રસંશનીય હતી.

(સાધુ સત્યસંકલ્પદાસ)

પાલડી-કાંકજ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા

જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના તાબાના પાલડી કાંકજમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશ-દાસજી તથા પૂ.પી.પી. સ્વામીની પ્રેરણાથી હરિમંદિરનું નવનિર્માણ પૂર્ણ થતા તા. ૧૯-૪-૦૬ થી તા. ૨૧-૪-૦૬ પર્યન્ત શાસ્ત્રી સ્વામી હરિઊઁપ્રકાશદાસજી (જેતલપુર વાડી)એ શ્રીમદ્ ભાગવત કથાનું પાન કરાવ્યું હતું. શ્રી વિષ્ણુયાગની વિધિ શ્રી રાજુભાઈ શુકલે કરાવી હતી. તા. ૨૦-૪-૦૬ના રોજ મૂર્તિઓની નગરયાત્રા કાઢવામાં આવી હતી.

તા. ૨૧-૪-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા ધામધુમથી થઈ હતી. ત્યારબાદ કથા અને યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી, ઘનશ્યામ સ્વામી (નારણઘાટ) આદિ સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી ભક્તિનંદનદાસે સંભાળ્યું હતું. ૧૦,૦૦૦ જેટલા ભાવિકોએ છેલ્લા દિવસે પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

(શા. ભક્તિનંદનદાસ, જેતલપુર)

વિસનગર શ્રીસહજાનંદ કિશોર મંડળનો દશાબ્દી મહોત્સવ

શ્રી નરનારાયણદેવ ગાદી સંચાલિત શ્રી સહજાનંદ કિશોર મંડળના ૧૧માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે અમદાવાદથી શ્રી નરનારાયણદેવ ગાદીના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી હરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક, સમૂહ મહાપૂજા વિધિ વેદ વિધિસર સંપન્ન થઈ હતી અને ત્યારબાદ સત્સંગ સભામાં પધાર્યા હતા. જેમાં મંત્રીશ્રી અમિતભાઈ સથવારાએ મંડળનો અહેવાલ રજુ કરેલ.

આ મંડળ દ્વારા આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક, સમાજલક્ષી પ્રવૃત્તિઓ થાય છે. સભા સંચાલકશ્રી શ્રી ચિંતનભાઈ કંસારા (પ્રમુખશ્રી)એ વિગત આપતા જણાવેલ કે આપણા આ મંડળની સંખ્યા હાલ ૧૮૭ છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે સૌ મંડળના યુવકોએ શિક્ષાપત્રી પ્રમાણે વર્તન કરવું અને સત્સંગની પ્રવૃત્તિ દેવની નિષ્ઠા રાખીને સંપ-સહકારથી કરવા ખાસ આજ્ઞા કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન-આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું. શ્રી ધર્મદેવભાઈએ આભાર વિધિ કરી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગર)

દેલવાડામાં મારૂતિ પ્રાણ પ્રતિષ્ઠા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારણપુરા મંદિરના મહંત શાસ્ત્રી પ્રેમસ્વરૂપદાસજીની પ્રેરણાથી દેલવાડા ગામે તા. ૧૬-૫-૦૬ થી ૨૦-૫-૦૬ પર્યન્ત મારૂતિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે રામાયણ ભાગવત તથા શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીના વક્તા પદે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે બહેનોના આમંત્રણથી તા. ૧૬-૫-૦૬ના રોજ પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું.

તા. ૨૦-૫-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે સંતો અને ગ્રામજનોએ ઉષ્માભર્યુ ભવ્ય સ્વાગત કર્યુ હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્યમહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી કષ્ટભંજનદેવની પ્રાણ પ્રતિષ્ઠા વેદ વિધિસર રીતે સંપન્ન થઈ હતી.

સભામાં ૧૬ જેટલા વિદ્યાર્થી બાળકોને સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ કંઠી પહેરાવી પ્રાતઃ પૂજા આપીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. સંચાલન સેવા ધાનંજવાળા શ્રી રમણભાઈ પટેલે સંભાળ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગરથી પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, જેતલપુરથી શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, જયદેવપુરાથી સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વા. વિશ્વપ્રકાશદાસ, નિલકંઠ સ્વામી વગેરે પધાર્યા હતા.

શ્રી તુલસીભાઈ, શ્રી રમણભાઈ, શ્રી મણીભાઈ ખાંડવાળા, શ્રી બાબુભાઈ સોમાભાઈ આદિ અનેક હરિભક્તોએ યજમાન પદનો લાભ લીધો હતો. વ્યસન મુક્તિ કાર્યક્રમ ડૉ. પી.એમ. પટેલ (નરનારાયણ હોસ્પિટલ માણસા) દ્વારા સુંદર રીતે થયો હતો. સંતો અને સાંખ્યયોગી બાઈઓએ રસોડાની સુંદર સેવા બજાવી હતી. ગામના સરપંચ અમૃતભાઈ અને સમસ્ત ગામે ખૂબજ સારો સહકાર આપ્યો હતો. છેલ્લા દિવસે આખું ગામ અને મહેમાનોને પ્રસાદ જમાડેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. પ.ભ. મણીભાઈ ખાંડવાળાએ (શ્રી સ્વામિનારાયણ અંકના) ૧૨ સભ્યો વંશપરંપરાગત કરીને સારી સેવા કરી હતી.

અ.નિ. પટેલ કુબેરદાસ બાલચંદદાસ પરિવાર, અ.નિ. પટેલ દ્વારકાદાસ બાલચંદદાસ પરિવાર, અ.નિ. પટેલ બાપુભાઈ ઉમેદદાસ પરિવાર, જેશંગભાઈ સાંકળદાસ પરિવાર અને મોહનદાસ પરસોત્તમદાસ પરિવારે લાભ લીધેલ. વિષ્ણુયાગના આચાર્યપદે શ્રી કિર્તી કૃષ્ણલાલે બિરાજીને સુંદર વિધિ કરાવી હતી.

(મણીભાઈ ખાંડવાળા)

શ્રી સ્વામિનારાયણ મંદિર શિરોહી

રાજસ્થાનના શિરોહી શહેરમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૭-૪-૦૬ના શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા ત્યારે હરિભક્તોએ ખૂબજ ધામધુમથી સામૈયુ કર્યું હતું. તા. ૨૮-૪-૦૬ના રોજ પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજને શોડષોપચાર વિધિથી અભિષેક વેદ વિધિસર સંપન્ન થયેલ. ત્યારબાદ પ.પૂ. આચાર્યમહારાજશ્રી મોરલીધરજીના મંદિર આરતી કરવા પધાર્યા હતા. રામ ઝરોખા મેદાનમાં વિશાળ સભામાં પૂ. પી.પી. સ્વામી, કાંકરિયા મહંત સ્વામી, આનંદ સ્વામી આદિ સંતોએ શ્રીહરિ સંબંધી લીલા ચરિત્રોની વાતો કરી હતી. સભા સંચાલન શા.ભક્તિનંદન-દાસે કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતીનો લાભ લીધેલ. અક્ષર સ્વામીએ સારું આયોજન કર્યું હતું. *(મહંતશ્રી)*

ઓલપાડમાં પ.પૂ. મોટા મહારાજશ્રીનું પ્રથમ શુભાગમન

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૮-૪-૨૦૦૬ના રોજ હાલાર (મૂળીદેશ)ના હરિભક્તોના અતિ આગ્રહને વશ થઈને ઓલપાડ ગામે પધાર્યા. પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શનાર્થે પધાર્યા. જ્યાં શ્રીહરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારીને દિવ્ય લાભ આપેલ. જ્યાં હરિભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભવ્ય સ્વાગત સામૈયું કર્યું હતું. જીરાગઢના શ્રી શાંતિલાલ વરુ અને કાનજીભાઈ પોરીયા (જામસર)એ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

પ્રાસંગિક સભામાં સંતોના પ્રવચન બાદ પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે શ્રી નરનારાયણદેવ અને લક્ષ્મીનારાયણદેવની ગાદીને વફાદાર રહી નિયમ, નિશ્ચય અને પક્ષ રાખજ્યો. અહીંના હાલારી હરિભક્તો ઉપર ખૂબજ રાજીપો અને પ્રસન્નતા દર્શાવીને સુરત જવા પધાર્યા હતા. અત્રે ઘણા હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા નોંધાવી હતી.

(શાંતિલાલ વરૂ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

ઉંટબેટ સામપર (હાલાર)માં શ્રીમદ્ ભાગવત જ્ઞાન યજ્ઞ

શ્રી નરનારાયણદેવ ગાદીના અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના હાલારના ઉંટબેટ સામપર ગામે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા મૂળીના વયોવૃદ્ધ જ્ઞાનવૃધ્ધ પૂજ્ય સ.ગુ. સ્વામી બાળકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી તેમજ મૂળી મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી જ્ઞાનવલ્લભદાસજી અને મહંત સ.ગુ. સ્વામી ઓમપ્રકાશ-દાસજીની પ્રેરણાથી તા. ૨૦-૪-૦૬ થી

તા. ૨૬-૪-૦૬ પર્યન્ત પ.ભ. મનાણી નરસીભાઈ કરશનભાઈના મુખ્ય યજમાનપદે તેમના સર્વ પિતૃ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સ.ગુ. શાસ્ત્રી સ્વામી જ્ઞાનવલ્લભદાસજી (મૂળી મહંતશ્રી)ના વક્તાપદે સંપન્ન થયેલ.

તા. ૨૫-૪-૦૬ના પ્રાતઃ ૭-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે આખું ગામ અને હજારો મહેમાન હરિભક્તો આનંદના હિલોળે ચડ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ પ્રથમ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. જ્યાં યજમાન પરિવારના પ.ભ. નરસીભાઈના પુત્રો શ્રી તુલસીભાઈ, શ્રી રમણભાઈ, શ્રી હીરાભાઈ, શ્રી પ્રવિણભાઈ અને શ્રી મહેશભાઈ આદિ પરિવારે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન-આરતી કરીને રૂડા આશીર્વાદ મેળવ્યા હતા. વિદ્વાન સંતોના પ્રેરક પ્રવચન બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

ગામના તમામ હરિભક્તો અને ધર્મપ્રેમી જનોએ ખૂબજ સેવા સહકાર આપ્યો હતો. સાતેય દિવસ ગામ ધુમાડા બંધ અને મહેમાનોને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ગામના મંત્રીશ્રી પ્રફુલભાઈ હરગોવિંદભાઈ આદિ સૌ યુવકો અને વડીલોની સેવા પ્રશંસનીય હતી.

(કાળુભાઈ પૂર્વ સરપંચ ઉ. સામપર)

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીં આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૬ એપ્રિલના રવિવારના શ્રી હનુમાન જયંતી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના ૬૨માં પ્રાકટ્યોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય સત્સંગ સભામાં ખાસ અ.સૌ. પૂ. બિન્દુરાજા તથા તેમના બન્ને સુપુત્રો શ્રી સુવ્રતકુમાર તથા શ્રી સૌમ્યકુમાર પધાર્યા હતા. હરિભક્તોના ધૂન-ભજન કીર્તન બાદ અત્રેના મહંત સ્વામી દેવસ્વામીએ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો રાજીપો કેમ મળે તે માટે સુંદર દ્રષ્ટાંત સાથેની વાત કરી હતી. અને શ્રીજી મહારાજની લીલાની પણ ઘણી વાતો કરી હતી. શ્રી રજનીભાઈ ચોકસીએ પ.પૂ. મોટા મહારાજશ્રીના શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના પ્રચાર અર્થે અમેરિકા પ્રવાસની જાહેરાત કરી હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રીના ૬૨માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે તેઓશ્રીની તસ્વીરનું પૂજન આરતીમાં પૂ. બિન્દુરાજા સાથે ચિ. સુવ્રતકુમાર અને ચિ. સૌમ્યકુમાર પણ જોડાયા હતા. હરિભક્તોએ મોટી સંખ્યામાં પૂજન આરતીનો લાભ મેળવ્યો હતો.

૨૩ એપ્રિલના સત્સંગ સભામાં ધૂન-ભજન કીર્તન આદિ હરિભક્તો અને સંતોએ કર્યા હતા. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને પી.પી. સ્વામીના શિષ્ય શા. ઈશ્વરસ્વામીએ સત્સંગ સભામાં ભગવાન સંબંધી વાતો સાથે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણની પ્રવૃત્તિની વિગતવાર માહિતી આપી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રી ૭ મે ના અત્રે પધારવાના છે. તેમાં સૌ હરિભક્તોને ઉપસ્થિત રહેવા જણાવ્યું હતું.

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-મંડળ સાથે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના પ્રચાર અર્થે અત્રે પધાર્યા ત્યારે મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને શાસ્ત્રી સ્વામી ઈશ્વરચરણદાસજી અને હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું સ્વાગત સામૈયું ધામધુમથી કર્યું હતું.

પ્રથમ પ.પૂ. મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી હતી. ત્યારબાદ પ્રાસંગિક સભામાં ધૂન-કીર્તન આદિ હરિભક્તોએ કર્યા હતા.

મંદિરના મુખ્ય હોલમાં મોટી સ્ક્રીન પર અમદાવાદમાં નારણપુરા વિસ્તારમાં નિર્માણ થઈ રહેલ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની સીડી દર્શાવવામાં આવી હતી. આખાય મ્યુઝિયમ માટેનો પ્રોજેકટ તથા કેવી રીતે તેનું યોગદાન થઈ રહ્યું છે. તેનો સમગ્ર અહેવાલ સીડી દ્વારા હરિભક્તોને બતાવવામાં આતેલ. શા. ઈશ્વર સ્વામી અને ન્યુજર્સીના શાસ્ત્રી માધવપ્રસાદ-દાસજીએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના તમામ પાસાઓની વિગતવાર માહિતી ખૂબજ સુંદર રીતે સમજાવી હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત પ્રમુખશ્રી નયનભાઈ પરીખે કર્યું હતું. કમિટી વતી શ્રી પ્રવિણભાઈ, શાહે પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. પૂ. બિન્દુરાજા અને શ્રી પ્રફુલકુમારનું સ્વાગત હરિભક્ત ભાઈ-બહેનોએ ક્રમશઃ કર્યું હતું. સભામાં પ.પૂ. મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સત્સંગીઓએ કરેલ સેવાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો.

પ.પૂ. મહારાજશ્રીએ I.S.S.O.ના નવા બે ચેપ્ટર બાયરન અને એટલાન્ટાની પ્રગતિ જોઈને ટુંક સમયમાં મંદિર નિર્માણ થશે તેવો સંકલ્પ જાહેર કરતા હરિભક્તો ખૂબજ આનંદમાં આવી ગયા હતા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણમાં હરિભક્તોએ મોટી સંખ્યામાં ફાળો નોંધાવ્યો હતો. બહેનોની સુંદર શરૂઆત થતા ભાઈઓને પણ ખૂબજ તાન ચડ્યું હતું. આ પ્રસંગે મહંત સ્વામી દેવપ્રસાદદાસજી ગુરુ સ્વામી જગતપ્રકાશદાસજી (મૂળીવાળા)એ સુંદર આયોજન કર્યું હતું.

"સેવા-મેડીકલ ફેર"નું આયોજન

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાનિધ્યમાં મંદિરના ચોકમાં જુદાં જુદાં રોગોના નિષ્ણાંત ડોકટરની ટીમે ૯૮ જેટલા લોકોને મેડીકલ ચેકઅપ અને ડાયોગ્નેસીઝ કરવામાં આવ્યું હતું. ડૉ. સુનિલ પટેલ, ડૉ. જય અમીન, ડૉ. માયા રઘુવંશી, ડૉ. ચિરાગ પટેલ, ડૉ. હિતેન્દ્ર પટેલ, ડૉ. પૂનમ પટેલ, ડૉ. જિગ્નેશ શાહ, ફાર્માસીસ્ટ હરેશ ભટ્ટ, હરિ પટેલ અને પલકું પટેલે સેવા આપી હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ 'સેવા મેડીકલ ફેર'ની ડૉકટરની નિઃશુલ્ક પ્રવૃત્તિ અને આપણી આ સંસ્થાની સામાજિક "સેવા"ની પ્રવૃતિને પ્રત્યક્ષ નિહાળીને ખૂબજ પ્રસન્ન થઈને પ્રવૃત્તિને વિશેષ વેગ મળે તેવા આશીર્વાદ સાથે શ્રી નરનારાયણદેવની મૂર્તિ પોતાના વરદ્ હસ્તે ડૉકટરોને પૂજવા આપી હતી. અને

આપણા I.S.S.O. ના દરેક ચેપ્ટરોમાં અવાર નવાર આવી પ્રવૃત્તિ થતી રહે તે માટે ખાસ ભલામણ કરી હતી. દર મહિનાના બીજા અને ચોથા રવિવારે ફ્રી મેડીકલ ચેક અપ કરવામાં આવે છે.

<u>વિશેષ માહિતી માટે</u>

I.S.S.O. સેવા મડીકલ બિલ્ડીંગ
૨૨૦, ટેમ્પલ વે, કોલોનીયા,
ન્યુજર્સી ૦૭૦૬૭
ફોન: ૭૩૨-૬૬૯-૧૦૦૮
ધર્મી પટેલ: ૨૦૧-૯૨૧-૮૨૮૫,
જસ્મિના ચોકસી: ૨૦૧-૮૦૫-૬૯૯૬,
હરિકૃષ્ણ પટેલ: ૯૧૭-૬૫૮-૭૪૯૮
(પ્રવિણભાઈ શાહ)

શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરશુરામ જયંતીની ઉજવણી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની શુભ આજ્ઞા આશીર્વાદથી મહંત શા. સ્વામી ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી તા. ૩૦-૪-૦૬ રવિવારના અખાત્રીજ શ્રી પરશુરામજયંતીના શુભદિને ભગવાનને પણ પરશુરામ સ્વરૂપ બનાવી અલૌકિક દર્શન પૂજારી સ્વામીએ કરાવ્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ઉત્સાહી કીર્તનકારોએ પરશુરામ જયંતીના કીર્તનનું ગાન કર્યું હતું. મહંત સ્વામીએ આજના પ્રસંગની માહાત્મયની કથા સંભળાવી હતી. અને પ્રમુખશ્રી જગદીશભાઈએ પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સભામાં વંચાવ્યા હતા. સૌ હરિભક્તો દર્શન કરી આશીર્વાદનું પાન કરી ધન્ય બન્યા હતા.

(વિષ્ણુભાઈ સોલાવાલા)

હ્યુસ્ટન (ટેકસાસ)
શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીંયા આપણા હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સંત મંડળની પ્રેરણાથી ૮ એપ્રિલ શનિવારના ૨૨૫મી શ્રી સ્વામિનારાયણ જયંતી ધામધુમથી ઉજવાયેલ. સવારના ૯ થી ૧૨ સમૂહ મહાપૂજામાં સેંકડો હરિભક્તોએ લાભ લીધો હતો.

બપોરે ૧૨-૦૦ કલાકે શ્રી રામચંદ્રજી ભગવાનની જન્મોત્સવ આરતી ઉતારવામાં આવી હતી. બપોરના ૧૨ થી સાંજના ૭ સુધી અખંડ ધૂન અને સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના ૧૦૦ પદો ગાવામાં આવ્યા હતાં. બાળકો માટે FUN DAY કાર્યક્રમ રાખેલ. ૨૨૫ વાનગીઓનો ઠાકોરજીને અન્નકૂટ ધરાવેલ. યુવક મંડળના બહેનોએ જીવુબા-લાડુબાના ભગવાન પ્રત્યેના ભાવનું નાટક રજુ કર્યું હતું.

મુનિસ્વામીએ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મહિમા માહાત્મય સમજાવેલ. રાત્રે ૧૦-૧૦ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાકટ્યોત્સવની આરતી ધામધુમથી થઈ હતી. જ્ઞાનસ્વામીએ ૨૨૫ દીવાની સુંદર રચનાત્મક આરતી બનાવીને ઉતારવામાં આવી હતી. યુવક મંડળ અને જ્ઞાન સ્વામી, મુનિ સ્વામી અને અન્ય હરિભક્તોએ ખૂબજ શ્રધ્ધા ભક્તિથી પ્રસંશનીય સેવા બજાવી હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

(રમેશભાઈ ટી. પટેલ)

વોશિંગ્ટન (ડી.સી. I.S.S.O. ચેપ્ટર)

અત્રે ૮ એપ્રિલ શનિવારના સાંજના ૩ કલાક સભામાં ભજન-કીર્તન સાથે વચનામૃતનું વાચન-નિત્ય-નિયમ અને શ્રી રામચંદ્રજી ભગવાન પ્રાકટ્ય આરતી અને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાકટ્યોત્સવ આરતી ઉતારવામાંઆવી હતી. હરિભક્તોએ પણ સારી સંખ્યામાં સભાનો લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ સારી ચાલે છે. *(કનુભાઈ પટેલ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (U.K.)

અત્રે લેસ્ટર આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૭-૪-૦૬ ના રોજ શ્રી રામનવમી-શ્રીસ્વામિનારાયણ જયંતીના આખો દિવસ ધૂન-ભજન કીર્તન વગેરે થયા હતા. શ્રી ઉન્નતભાઈ પટેલ, વિનોદભાઈ, રમેશભાઈ, હરિશભાઈ, સુરેશભાઈ તથા રમેશભાઈ આદિ આજના પ્રસંગના યજમાન બન્યા હતા. તા. ૧૩-૪-૦૬ના શ્રી હનુમાન જયંતીના સાંજના ૬ થી ૮ સુધી વિધિવત પૂજન આરતી અને હરિભક્તોએ સમૂહમાં હનુમાન ચાલીસા વગેરેએ કર્યા હતા. પ્રમુખશ્રી જયંતીભાઈ પટેલે આભાર વિધિ કરી હતી.

તા. ૩૦-૪-૦૬ના રોજ સવારના ૬ થી બપોરના ૧૨ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન યોજવામાં આવી હતી. જેના યજમાન શ્રી બાબુભાઈ નાનજીભાઈ સોઢા પરિવાર રહ્યા હતા. પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ પત્ર પ.ભ. કાનજીભાઈ માલવીએ વાંચી સંભળાવેલ. હરિભક્તોએ મોટી સંખ્યામાં દર્શન અને અખંડ ધૂનનો લાભ લીધો હતો.

(હેમરાજભાઈ ચોટલીયા)

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (I.S.S.O. ઓસ્ટ્રેલીયા)

સીડની આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ૯ એપ્રિલના રવિવારના શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્ય ઉત્સવ ધામધુમથી ઉજવાયો હતો. શ્રી અંજલેશભાઈએ શ્રીહરિના દિવ્ય અલૌકિક લીલા ચરિત્રનું પાન કરાવ્યું હતું. શ્રી વ્રજમારુએ શ્રીરામચંદ્રજી ભગવાનના ગુણગાનનું પાન કરાવ્યું હતું.

શ્રી યોગેશભાઈ તથા શ્રી નિલેશભાઈ આજની સભાના યજમાન બન્યા હતા.

તા. ૧૬-૪-૦૬ના રોજ હનુમાન જયંતી પ્રસંગે શ્રી હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા. શ્રી તુષારભાઈ, શ્રી અર્જુનભાઈ અને શ્રી યોગેશભાઈ સભાના યજમાન થયા હતા. ૨૩ એપ્રિલની સભામાં ભગવાનના કીર્તન-ભજન ધૂન વગેરે કરવામાં આવેલ. શ્રી મિથિલ અંકિતભાઈ દિક્ષીતે યજમાન પદનો લાભ લીધો હતો.

૩૦ એપ્રિલની સભામાં શ્રી ભાવિનભાઈ દહીયાએ પ્રાતઃપૂજાની વિધિ સુંદર રીતે સમજાવી હતી. શ્રી મિહીરભાઈ ઠાકર પરિવારે ગાયત્રી યજ્ઞનું આયોજન કર્યું હતું. અને યજમાન પદનો લાભ પણ તેમણે લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. *(તેજસ બી. પટેલ)*

સર્વોપરિ શ્રીહરિના ૨૨૫ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં ચરાડવા મંદિરમાં પદયાત્રા અને જપયજ્ઞ

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૨૨૫ માં પ્રાકટ્યોત્સવ મહોત્સવના ઉપલક્ષમાં ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનદાસજીની દિવ્ય પ્રેરણાથી ચરાડવા-હળવદ વિસ્તારના ૨૫ ગામોમાં પદયાત્રાનું આયોજન કરેલ છે. જે ચૈત્ર સુદ-૧૧ના સરાથી પ્રારંભ થયેલ છે અને તા. ૯-૭-૨૦૦૬ના રોજ ૨૨૫ દિવસ મહામંત્ર ધૂનનો પ્રારંભ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે. સમસ્ત સત્સંગને લાભ લેવા અનુરોધ છે.

(લિ. અ.નિ. શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનદાસજીનું શિષ્ય મંડળ.)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	બ્રિજેશ ઈન્ડસ્ટ્રીઝ શ્રી રમેશભાઈ ભાવેસાર શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મનોજકુમાર વાસુદેવભાઈ જોશી નવી ગાડી લીધી તે નિમિત્તે	ગોધરા
૧૦૧-૦૦	શ્રી. દર્શિતભાઈ મનુભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	દહેગામ
૧૫૧-૦૦	શ્રી અમૃતભાઈ અને જયશ્રીબેન ભાવસાર ૨૫ મી લગ્ન તિથિ નિમિત્તે	
૧૫૧-૦૦	શ્રી રાજેશલાલ માધવલાલ પટેલ ચિ. ચેતના ના લગ્ન પ્રસંગે	ગુલાબપુરા
૨૦૧-૦૦	શ્રી દશરથભાઈ જેશંગભાઈ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	વડુવાળા
૨૫૧-૦૦	શ્રી પ્રવિણભાઈ લખુભાઈ પટેલ નોકરીમાંથી નિવૃત થતા શ્રીજી પ્રસન્નાર્થે	હાથ પાળીયા
૨૦૦-૦૦	શ્રી રમેશભાઈ મેવાડા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૨૦૦-૦૦	સાંખ્યયોગી ગીતાબા શ્રીજી પ્રસન્નાર્થે	હવેલી
૧૧૧-૦૦	શ્રી રાજુભાઈ પૂંજાભાઈ પટેલ ચિ. સેજલબેનના લગ્ન પ્રસંગે	ચલોડાવાળા
૧૦૧-૦૦	શ્રી મધુબેન કાંતિલાલ દલાલ શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૦૧-૦૦	શ્રી રમણભાઈ ડાહ્યાભાઈ પટેલના સ્મરણાર્થે	અંબાપુર
૧૦૧-૦૦	શ્રી પ્રવિણભાઈ ટી. પટેલ એર્ટનો સ્કુટર લાવ્યા તે નિમિત્તે	વડુવાળા
૧૦૧-૦૦	શ્રી પર્વકુમાર અલ્પેશભાઈ પટેલ સાકરતુલા નિમિત્તે	સોનાસણ
૧૦૧-૦૦	શ્રી આનંદ મનીષભાઈ સોની જન્મ દિન પ્રસંગે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી રણછોડભાઈ ઓઘડભાઈ ચાવડા શ્રીજી પ્રસન્નાર્થે	વડોદરા
૧૦૦-૦૦	શ્રી ભક્તિભાઈ પુંજલદાસ પટેલ નવું હીરો હોન્ડા બાઈક લીધું તે નિમિત્તે	દેઉસણાવાળા
૧૦૧-૦૦	શ્રી જસવંતભાઈ જી. વાઘેલા તેમની પુત્રીને ત્યાં ભાણીના જન્મ પ્રસંગે	ગોમતીપુર
૧૦૧-૦૦	શ્રી શાંતિલાલ પરસોત્તમદાસ પટેલ ચિ. હિનાબેનના લગ્ન પ્રસંગે	મનીપુર
૧૦૧-૦૦	શ્રી મુકેશભાઈ મનસુખભાઈ મારવીને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	જીરાગઢ (મુંબઈ)
૧૦૧-૦૦	શ્રી વ્રજેન ભરતભાઈ મારવી શ્રીજી પ્રસન્નાર્થે	જીરાગઢ (મુંબઈ)
૧૦૧-૦૦	શ્રી જયાબેન રમેશભાઈ પટેલ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી વિદ્યાબેન રજનીકાંત પટેલ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	બાલાસિનોર
૧૦૦-૦૦	શ્રી નિલેશ અને હિતેષ લાલજીભાઈ ધો. ૧૧ પાસ અને બી.એડ.માં એડમીશન મળ્યું તે નિમિત્તે	લખતર
૧૦૧-૦૦	શ્રી અશોકકુમાર જયંતીલાલ રાવલ ચિ. સુહાગના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી કલ્પેશભાઈ રમેશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઘાટલોડીયા
૧૦૧-૦૦	શ્રી દર્શનભાઈ કેતનભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઘાટલોડીયા
૧૫૧-૦૦	શ્રી રામભાઈ સોમદાસ પટેલ ચિ. સુપુત્રી દિપીકાના તા. ૬-૫-૦૬ના લગ્ન પ્રસંગે	મોખાસણ
૧૫૧-૦૦	શિવાની પૃથ્વીશકુમાર નરેન્દ્રભાઈ અમીન જન્મ દિન નિમિત્તે	કેનેડા
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામકુમાર માવજીભાઈ વરૂ લગ્ન પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી રવિકુમાર સુરેશભાઈ પટેલ ૧૨ સાયન્સમાં પ્રવેશ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી નારાયણભાઈ ગોરધનભાઈ દેસાઈ ચિ. દિનેશના લગ્ન પ્રસંગે	સુરવદર
૧૦૫-૦૦	શ્રી કિશન રાજેશકુમાર સર્વોપરિ છપૈયા ધામની યાત્રા નિમિત્તે	ભાવનગર
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ ચતુરદાસ સોની નવું મકાન લીધું તે નિમિત્તે	અમદાવાદ
૨૦૧-૦૦	શ્રી તક્ષશીલાબેન શશીકાંત મહેતા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જલકબેન છબીલભાઈ પટેલ બાળકો પાસ થયા તે નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦	શ્રી અવનીબેન છબીલભાઈ પટેલ બાળકો પાસ થયા તે નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦	શ્રી કિશનભાઈ છબીલભાઈ પટેલ બાળકો પાસ થયા તે નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦	શ્રી જયંતીભાઈ પુરૂષોત્તમભાઈ વાળંદ બાળકો પાસ થયા તે નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦	શ્રી દિપકકુમાર કાનજીભાઈ પટેલ એસ.બી.ટી.માં નોકરી મળી તે નિમિત્તે	મેમનગર
૧૦૧-૦૦	શ્રી જયંતીલાલ તુલસીદાસ સોની નવું એકટીવા લીધુ તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી ભગવાનજીભાઈ ઠાકરસીભાઈ તારબુંદીયા વનીતાબેન સાથે લગ્ન થયા તે નિમિત્તે	ઘનશ્યામનગર
૧૦૧-૦૦	શ્રી વિવેકભાઈ કાંતિભાઈ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી વિજ્યાબેન રવજીભાઈ રાઠોડ ચિ. નીલુગૌરીના શુભ લગ્ન પ્રસંગે	ધૂળકોટ
૨૦૧-૦૦	શ્રી ઉજીબેન ભાણજીભાઈ ટાંક ચિ. પ્રકાશના લગ્ન પ્રસંગે	બોડકા (રાજકોટ)
૧૦૧-૦૦	શ્રી ગૌરીબેન અમરશીભાઈ ગાંગાણી ચિ. ચેતનાના શુભ લગ્ન પ્રસંગે	જામસર
૧૦૧-૦૦	શ્રી ચંપાબેન મનસુખલાલ ટાંક ચિ. પરેશના લગ્ન પ્રસંગે	જીરાગઢ (કાંદીવાલી)
૧૦૧-૦૦	અ.સૌ. જીગલબેન હિમાંશુભાઈ પટેલને ત્યાં પ્રાંજલના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૭૫૦-૦૦	શ્રી બિરેન કે. પટેલ પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી પ્રસંગે	જ્યોર્જિયા
૬૨૫-૦૦	મિનાશ્રી એ. પટેલ પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી પ્રસંગે	શિકાગો

૩૨ ❋❋❋



લાલોડામાં કથાના વક્તા પૂ.પી.પી.સ્વામીને આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



દોલતગઢ (ઈડર)માં પ.પૂ.મહારાજશ્રીની આરતી ઉતારતા પ.ભ.ભરતભાઈ પટેલ



પૂજારી સ્વામી પરમેશ્વરદાસજી ગુરુ પરંપરાની પ્રસાદીની વસ્તુઓ પ.પૂ. મોટા મહારાજશ્રીને અર્પણ કરી રહ્યા છે.



ઘોળકા મંદિરમાં ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક કરી દર્શન કરતાં પ.પૂ. મોટા મહારાજશ્રી



ઓલપાડમાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા ત્યારે માર્ગ પર પુષ્પવૃષ્ટિ કરતો સત્સંગી યુવક શ્રી નિલકંઠ




ઘોળકા મંદિરમાં પોટોત્સવના યજમાન પ.ભ.રમેશભાઈ ઠક્કર પરિવાર પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન કરતાં




વિસનગર શ્રી સહજાનંદ કિશોર મંડળ ના ૧૧માં વર્ષમાં પ્રવેશ પ્રસંગની સભા અને સ્વાગત આશીર્વાદ

SHREE SWAMINARAYAN

REG. NO. G.A.M.C. 003 Valid up to June 2006
permitted to Post AHME P.S.O. On 11th of Every Month



મીડલ જર્યોજીયામાં પ.ભ. નવિનભાઈ પટેલને ત્યાં પધારેલા
પ.પૂ.મોટા મહારાજશ્રી




પ.પૂ.મોટા મહારાજશ્રી મીડલ જર્યોજીયા (અમેરિકા) આપણા
મંદિરની જમીન જોવા પધાર્યા ત્યારે દરવાજાનું લોક નિમિત્ત બન્યુ
આપણને આવા અદ્‌ભૂત દર્શનનો યોગ મળ્યો.



કોલોનિયા આપણા મંદિરમાં પ.પૂ.મોટા મહારાજશ્રીના
૬ ૨માં પ્રાક્ટ્યોત્સવ પ્રસંગે આરતી ઉતારતા
પ.પૂ. અ.સૌ. બિન્દુ રાજા અને શ્રી સુવ્રતકુમાર અને
શ્રી સૌમ્યકુમાર અને હરિભક્તો



એટલાન્ટામાં ISSOની નવી કમિટીની રચના કરતાં પ.પૂ. મોટા મહારાજશ્રી



નેશવિલ (અમેરિકા) માં એક સત્સંગી બાળના જન્મદિન પ્રસંગે કેક
ખવડાવી આશીર્વાદ આપતાં પ.પૂ.મોટા મહારાજશ્રી